P.07

રણવીરની પ્રલયમાં આલિયા ભટ્ટને રોલ ઑફર કરાયો



# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

P.07

સિદ્ધાંત ચતુર્વેદી અને અલિજેહ અગ્નિહોત્રી ફ્રાંન્સીસી ફિલ્મના રીમેકમાં



www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૪ અંક : ૧૪૮ । વિક્રમ સંવત ૨૦૮૨ : પોષ વદ ૦૨ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 148 • Dt.05-01-2026 Monday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


ઇરાનમાં વણથંભ્યા આંદોલનો : મૃત્યુઆંક વધીને ૧૦ થયો : તે વધવા સંભવ 07



05 JANUARY- 2026 MONDAY



07 વેનેઝુએલા મુદ્દે યુએન પણ અમેરિકાથી નારાજ: કહ્યું- દુનિયા માટે ખતરનાક ઉદાહરણ ઊભું કર્યું

**અમદાવાદ શહેર પણ 'જળકાંડ' ની અણીએ**

## સ્વચ્છતામાં દેશના સૌ પ્રથમ શહેર એવા ઈન્દોર અને અમદાવાદની પરિસ્થિતિમાં બહુ તફાવત નથી

# અમદાવાદમાં ૧૫૦થી વધુ વિસ્તારોમાં દૂષિત પાણીનું વિતરણ

### દૂષિત પાણીની સમસ્યાના કારણે જે તે વિસ્તારના લોકોના પેટમાં ગરબડ થવા સાહિતની તકલીફ રોજની બની ગઈ । આમ છતાં કોર્પોરેશનના સત્તાધીશો રૂપિયા ૧ કરોડના ખર્ચે હાઈજેનિક પાણી પીશે

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨ ।

સ્વચ્છતામાં દેશના સૌ પ્રથમ શહેર એવા ઈન્દોર અને અમદાવાદની પરિસ્થિતિમાં બહુ તફાવત નથી.અમદાવાદના ચાર ઝોનમાં ૧૫૦થી વધુ સ્પોટ એવા છે કે, જ્યાં ૩૦થી ૫૦ વર્ષ જૂની પાણી અને ડ્રેનેજની લાઈન આવેલી છે. દૂષિત પાણીની સમસ્યાના કારણે જે તે વિસ્તારના લોકોના પેટમાં ગરબડ થવા સહિતની તકલીફ રોજની બની ગઈ છે. આમ છતાં કોર્પોરેશનના સત્તાધીશો રૂપિયા ૧ કરોડના ખર્ચે હાઈજેનિક પાણી પીશે.અમદાવાદ શહેરમાં કોટ વિસ્તાર સહિતના મધ્યઝોન ઉપરાંત દક્ષિણ તથા પૂર્વ અને ઉત્તરઝોનમાં મોટાભાગે પોળ અને ચાલી વિસ્તાર આવેલો છે. આ એવા વિસ્તાર છે કે જે સાંકડા રસ્તા ઉપર આવેલા છે. વર્ષો પહેલાં અમદાવાદમાં બનેલી ચાલીઓના મકાન નીચેથી પણ જે તે વિસ્તારની કોર્પોરેશનની પાણી કે ડ્રેનેજની લાઈન આવેલી છે. આ પ્રકારના સ્પોટ ઉપર ગટર ઉભરાવી, ડ્રેનેજના પાણી બેક મારવાથી લઈ પ્રદૂષિત પાણી આવવું અથવા તો પાણીમાં વાસ આવવી જેવી સમસ્યાનો વર્ષોથી કોઈ કાયમી ઉકેલ કોર્પોરેશન લાવી શક્યું નથી. આ માટે તંત્રની દલીલ છે કે, જો પ્રદૂષિત પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવો હોય તો જે તે વિસ્તારની ચાલીના મકાન તોડી નીચે રહેલી પાણી કે ડ્રેનેજની લાઈન નવી નાંખવી પડે. તત્કાલિન મ્યુનિસિપલ કમિશનરે બે વર્ષ પહેલા કોટ વિસ્તારમાં વર્ષો જૂની પાણી અને ડ્રેનેજની લાઈન બદલવા રૂપિયા ૩૦૦ કરોડથી વધુનું પેકેજ ફાળવ્યુ હતુ.



ખાડીયા, સારંગપુર,દોલતખાના, કાકાબળીયાની પોળ, રતનપોળ, ભજ ગોવિંદની ખડકી, સારંગપુર, જયેન્દ્ર પંડીત નગર, પંચમુખી મહાદેવની ચાલી, સારંગપુર પુલ નીચે, રાયપુર દરવાજા બહાર.જમાલપુર, ટોકરશાની પોળ, સોદાગરની નાની અને મોટી પોળ, મોરકસવાડ, મિરઝાપુર, લોધવાડ, જાન સાહેબની ગલી, શાહપુર મિલ કમ્પાઉન્ડ, ભીલ વાસ, સુલેહખાના,કડવા શેરી, કાચની મસ્જિદ, સિંધી વાડ.શાહપુર, ગવર્મેન્ટ કોલોનીના મોટાભાગના બ્લોક, ભગુભાઈની ચાલી, ઈન્દિરાનગરના છાપરાં, બાપાલાલની ચાલી,આલમપુરા. બાપુનગર, ગુજરાત હાઉસીંગ બોર્ડ. સરસપુર, શારદાબેન હોસ્પિટલ આસપાસ, મેજિસ્ટ્રેટની ચાલી, દુલાભાઈની ચાલી, જાલમપુરીની ચાલી,પઠાણની ચાલી,પરમાનંદની ચાલી, સુલેમાનની ચાલી, જી.એમ.કમ્પાઉન્ડ, દામોદરના છાપરાં.

**છોટાઉદેપુર જિલ્લા એસઓજી પોલીસને એક મોટી સફળતા મળી**

## છોટાઉદેપુર : સીંગલદા ગામમાં કપાસની આડમાં કરાયેલું ગાંજાનું વાવેતર ઝડપાયું । ખેતર માલિકની અટકાયત કરાઈ

। પ્રતિનિધિ, છોટાઉદેપુર, તા.૪ ।

ગુજરાતમાં નશાબંધીના કડક અમલ વચ્ચે છોટાઉદેપુર જિલ્લા એસઓજી પોલીસને એક મોટી સફળતા મળી છે. જિલ્લાના ક્વાંટ તાલુકાના સીંગલદા ગામેથી પોલીસે લાખોની કિંમતનો લીલો ગાંજો ઝડપી પાડી નશાના કારોબારીઓ સામે લાલ આંખ કરી છે.છોટાઉદેપુર એસઓજી પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, ક્વાંટ તાલુકાના સીંગલદા ગામે રહેતા ભગુભાઈ એસઓજી બુઠીયાભાઈ રાઠવાએ પોતાના ખેતરમાં કપાસ કે અન્ય પાકની આડમાં નશીલા પદાર્થ ગાંજાનું વાવેતર કર્યુ છે.

આ બાતમીના આધારે પોલીસે ત્વરિત કાર્યવાહી કરી ખેતરમાં દરોડો પાડ્યો હતો.પોલીસની તપાસ દરમિયાન ખેતરમાંથી વનસ્પતિજન્ય લીલા ગાંજાના નાના-મોટા કુલ ૧૫૧ છોડ મળી આવ્યા હતા.

પોલીસ દ્વારા કરવામાં આવેલા પંચનામા મુજબ: પોલીસે આ તમામ જથ્થો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.આ મામલે ખેતરના માલિક ભગુભાઈ બુઠીયાભાઈ રાઠવાની ઘટનાસ્થળેથી જ અટકાયત કરવામાં આવી છે. ક્વાંટ પોલીસ મથકમાં આરોપી વિરુદ્ધ એનડીપીએસની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.આ ગાંજાના છોડનું બિયારણ ક્યાંથી લાવવામાં આવ્યું હતું? અને આ જથ્થો તૈયાર થયા બાદ ક્યાં સપ્લાય કરવાનો હતો? તે દિશામાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.ગુજરાતમાં નશાબંધીના કડક અમલ વચ્ચે છોટાઉદેપુર જિલ્લા એસઓજી પોલીસને એક મોટી સફળતા મળી છે.


વીજળીના બિલને કરો (0)

Navkalp SOLAR Since 2013

it's time to save

નેશનલ પોર્ટલ રૂફટોપ સબસીડી મળવા પાત્ર



25 YEARS WARRANTY

ગુજરાત ની અગ્રણી રેસીડેન્શીયલ INDUSTRIAL સોલાર રૂફટોપ કંપની

Help Line +91 93 77 51 77 52

શ્રી ઉત્તર દશક્રોઈ કડવા પાટીદાર એજ્યુકેશન કેમ્પસ સંચાલિત

કમલા અમૃત ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ, ગાંધીનગર

Approved by Govt. Of Gujarat, Gujarat Nursing Council & Affiliated to Gujarat University

KAMLA AMRUT INSTITUTE OF NURSING



પ્રવેશ પ્રક્રિયા પ્રારંભ ૨૦૨૩-૨૪

B.Sc. Nursing
૪ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ સાયન્સ પાસ
(PCB + ENGLISH)

P.B.B.Sc. Nursing
Post basic B.Sc. University
૨ વર્ષનો કોર્ષ
G.N.M. પાસ

GNM
General Nursing and Midwifery
૩ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ પાસ (કોઈપણ સ્ટ્રીમ) અને અંગ્રેજી

ઉપલબ્ધ સુવિધાઓ

- ૧૦૦ બેડની પોતાની પેરેન્ટ હોસ્પિટલ
- અનુભવી સ્ટાફ દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ
- અત્યાધુનિક લેબોરેટરી અને લાયબ્રેરી
- સ્માર્ટ ક્લાસરૂમ
- ટ્રાન્સપોર્ટેશન માટે બસની સુવિધા
- હોસ્ટેલની સુવિધા
- એ.સી. મલ્ટીપરપઝ ઓડિટોરીયમ
- SC/ST ની કેટેગરીના વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપની સુવિધા

9638358158, 7567020200, 9313304367

## વડોદરા : વિદેશમાં વર્ક પરમીટ વિઝા આપવાનું કહી ત્રણ યુવકો પાસેથી ૧૦.૪૬ લાખ પડાવી લીધા

। પ્રતિનિધિ, વડોદરા, તા.૪ ।

માંડવી ઘડીયાળી પોલ ભાટિયા શેરીમાં રહેતો નિલેશ ઠક્કર પોર ખાતે એક કંપનીના વેર હાઉસમાં નોકરી કરે છે. કારેલીબાગ પોલીસ સ્ટેશનમાં તેને ફરિયાદ નોંધ જણાવ્યું છે કે, મારા માતા-પિતા શિયાપુરા પોલીસ ચોકી પાછળ આવેલ બ્રિજ કેરમ મેડિકલ દવા લેવા જતા હોય દુકાનદાર રવિભાઈ રાજેન્દ્રકુમાર શેઠ અને વિઠ્ઠલ નગર સોસાયટી વાઘોડિયા રોડ સાથે પરિચય થયો હતો. તેમણે જણાવ્યું હતું કે, હું લિથુઆનિયા દેશમાં નોકરી માટે મોકલવાનું કામ કરું છું મને બ્લુ વિનસ કન્સલ્ટન્ટ નામની ઓફિસ ધરાવે છે. વિદેશ મોકલવાનો ચાર લાખ રૂપિયા ખર્ચ થશે તેમ જણાવ્યું હતુ. ને તે ઉપર વિશ્વાસ રાખે ચાર લાખ રૂપિયા હતા.

## વડોદરા : સાયબર ફ્રોડના રૂપિયાની હીરાફેરી માટે ખાતા ખોલાવનાર બે આરોપી સામે ગુનો દાખલ

। પ્રતિનિધિ, વડોદરા, તા.૪ ।

વાઘોડિયા રોડ માજીનગર સોસાયટીમાં રહેતા જ્યોત્સનાબેન રાયમલભાઈએ બાપોદ પોલીસ સ્ટ-ેશનમાં અરજી આપે જણાવ્યું હતું કે નિતીન રાજપૂત તથા હની સિંધી નામના વ્યક્તિઓએ મને તથા અન્ય મહિલાઓને સરકાર દ્વારા અઢી હજારની સહાય આપવામાં આવે છે, તેમ જણાવી દાંડિયા બજાર ખાતે ઈન્ડિયન ઓવરસીઝ બેન્કમાં લઈ ગયા હતા અને ખાતા ખોલાવ્યા હતા. જે બેંક ખાતાનો ઉપયોગ સાયબર ફ્રોડના નાણાની હેર-ફેરી માટે કરવામાં આવે છે જે અંગે પ ોલીસ તપાસ કરતા ઈન્ડિયન ઓવરસીઝ બેન્કમાંથી કુલ ૧૨ શંકાસ્પદ એકાઉન્ટ મળી આવ્યા હતા. જેમાં નવેમ્બર ૨૦૨૫ તથા ડિસેમ્બર ૨૦૨૫માં કુલ ૫૦.૦૬ લાખ રૂપિયા ઈન્જેક્ટ થયા હતા જેથી પોલીસે બેંકમાં તથા બેન્ક એકાઉન્ટ ધારકોને પૂછપરછ કરતા જાણવા મળ્યું હતું કે, અલગ અલગ ગ્રાહકોને લઈને બેંકમાં જતા હતા અને બેંકમાં ખાતું ખોલાવ્યા બાદ તેઓ ગ્રાહ-કોને અઢી હજાર આપી તેઓ પાસેથી બેંકની આખી કીટ લઈ લેતા હતા.

અમદાવાદ ઇન્ટરનેશનલ ફ્લાવર શો ૨૦૨૬

# ફ્લાવર શોની ટિકિટ માત્ર flowershowahmedabad.in પરથી જ બુક કરો

## આ ઓફિશિયલ વેબસાઇટ સિવાય અન્ય કોઈ વેબસાઇટ પર ભરોસો ન કરવા એએમસીની અપીલ

। પ્રતિનિધિ, અમદાવાદ,, તા.૪ ।

અમદાવાદ શહેરમાં આયોજિત અમદાવાદ ઈન્ટરનેશનલ ફ્લાવર શોનો પ્રારંભ ૦૧ જાન્યુઆરી ૨૦૨૬થી થયો છે. ફ્લાવર શોની ટિકિટ બુકિંગ બાબતે નાગરિકોને સ્પષ્ટ કરવાનું કે ફ્લાવર શોની ઓનલાઈન ટિકિટ માત્ર અને માત્ર ઓફિશિયલ વેબસાઈટ કક્ષ્ઠીજિર્ુટ્ઠરઙ્ઘટ્ઠહ્વટ્ઠઙ્ઘ.ૈહ પરથી જ બુક કરી શકાશે. આ સિવાય અન્ય કોઈ વેબસાઈટ અથવા પ્લેટફોર્મ પર ભરોસો ન કરવા એએમસીની અપીલ કરવામાં આવી છે.આ ફ્લાવર શો દરમિયાન ૧૨ વર્ષથી નીચેના બાળકો, સૈનિકો તથા વિકલાંગ વ્યક્તિઓને નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવશે. ૧૨ વર્ષથી ઉપરના તમામ મુલાકાતીઓ માટે ટિકિટ ફરજિયાત રાખવામાં આવી છે. પશ્ચિમ બાજુથી ફક્ત ફ્લાવર શો માટે પ્રવેશ લેનાર મુલાકાતીઓ માટે સોમવારથી શુક્રવાર દરમિયાન ટિકિટ દર રૂ. ૮૦ અને શનિવાર-રવિવાર તેમજ જાહેર રજાના દિવસે રૂ. ૧૦૦ નક્કી કરવામાં આવ્યો છે. તેમજ ફ્લાવર શો માટે વિવિધ પ્રવેશ માર્ગોની વ્યવસ્થા કરવામાં આવી છે. ગેટ નંબર ૧ પર ફ્લાવર પાર્ક, એલિસબ્રિજ પાસે, રિવરફ્રન્ટ વેસ્ટ તરફથી પ્રવેશ મળશે. આ ઉપરાંત, મલ્ટીલેવલ કાર પાર્કિંગ ફૂટ ઓવરબ્રિજ ઉપરથી તેમજ ગેટ નંબર ૪ ૫



૨થી ઈવેન્ટ સેન્ટર પાસેથી, રિવરફ્રન્ટ વેસ્ટ તરફ પ્રવેશની સુવિધા રાખવામાં આવી છે.જ્યારે પૂર્વ પ્રવેશ માટે અટલ બ્રિજના પૂર્વ છેડો, રિવરફ્રન્ટ પૂર્વમાં પ્રવેશની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.ફ્લાવર શો સાથે-સાથે અટલ બ્રિજની મુલાકાત લેવા ઈચ્છતા મુલાકાતીઓ માટે પશ્ચિમ બાજુથી કોમ્બો ટિકિટની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જેમાં સોમવારથી શુક્રવાર દરમિયાન ટિકિટ દર રૂ. ૧૩૦ અને શનિવાર-રવિવાર તેમજ જાહેર રજાના દિવસે રૂ. ૧૫૦ રહેશે. પશ્ચિમ બાજુથી પ્રવેશ લેનાર મુલાકાતીઓ માટે અટલ બ્રિજની ટિકિટ ફરજિયાત નથી, પરંતુ અટલ બ્રિજની મુલાકાત લેવી હોય તો કોમ્બો ટિકિટ લેવી ફરજિયાત રહેશે. પૂર્વ બાજુથી પ્રવેશ લેનાર તમામ મુલાકાતીઓ માટે ફ્લાવર શો તથા અટલ બ્રિજની કોમ્બો ટિકિટ ફરજિયાત રાખવામાં આવી છે. પૂર્વ બાજુથી પ્રવેશ માટે સોમવારથી શુક્રવાર દરમિયાન ટિકિટ દર રૂ. ૧૩૦ અને શનિવાર-રવિવાર દરમિયાન રૂ. ૧૫૦ નક્કી કરવામાં આવ્યો છે.

## અમદાવાદમાં દબાણો સામે એસ્ટેટ વિભાગની સખત કાર્યવાહી

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૪ ।

શહેરમાં ટ્રાફિક વ્યવસ્થા સુદ્રઢ બનાવવા, જાહેર રસ્તા તથા ફૂટપાથ પરના ગેરકાયદેસર દબાણો દૂર કરવા અને નાગરિકોની અવરજવર સરળ બને તે હેતુથી અમદાવાદ મ્યુનિસિપલ કોપ ોરેશનના એસ્ટેટ વિભાગ દ્વારા શહેરના વિવિધ ઝોનમાં સતત દબાણ હટાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ અંતર્ગત તા. ૩૧/૧૨/૨૦૨૫, ૦૧/૦૧/૨૦૨૬ તથા ૦૨/૦૧/૨૦૨૬ દરમિયાન પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, પૂર્વ, દક્ષિણ-પશ્ચિમ, મધ્ય તથા ઉત્તર-પશ્ચિમ ઝોનમાં ઝોનવાઈઝ વ્યાપક કાર્યવાહી કરવામાં આવી હતી.તા. ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ની વ્યાપક એન્ફોર્સમેન્ટ કામગીરી દરમિયાન કુલ કુલ રૂ. ૧,૬૬,૯૦૦/- નો દંડ વસુલ કરવામાં આવ્યો હતો. નવાં વર્ષની શરૂઆતના દિવસે તા. ૦૧ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ એસ્ટેટ વિભાગ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં દબાણ હટાવ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી.

આ કાર્યવાહીથી કુલ રૂ. ૮૮,૮૦૦/- નો દંડ વસુલ થયો હતો. તા. ૦૨ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ એસ્ટેટ વિભાગ દ્વારા સતત ત્રીજા દિવસે પણ દબાણ હટાવ કામગીરી ચાલુ રાખવામાં આવી હતી. આ દિવસે કુલ રૂ. ૮૫,૭૦૦/- નો દંડ વસુલવામાં આવ્યો હતો. શહેરમાં ટ્રાફિક વ્યવસ્થા સુદ્રઢ બનાવવા, જાહેર રસ્તા તથા ફૂટપાથ પરના ગેરકાયદેસર દબાણો દૂર કરવા અને નાગરિકોની અવરજવર સરળ બને તે હેતુથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગ દ્વારા શહેરના વિવિધ ઝોનમાં સતત દબાણ હટાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

અમદાવાનું કાંકરિયા લેકફ્રન્ટ અમદાવાદનું ટુરિઝમ હબ બન્યું

# છેલ્લા ત્રણ વર્ષમાં ૧.૨૪ કરોડથી વધુ મુલાકાતીઓએ અમદાવાદના કાંકરિયા લેકફ્રન્ટની મુલાકાત લીધી

। પ્રતિનિધિ, અમદાવાદ, તા. ૪ ।

૨૦૨૬ : અમદાવાદ શહેરના મધ્યમાં આવેલું કાંકરિયા લેક આજે માત્ર મનોરંજનનું સ્થળ નહીં પરંતુ શહેરના પ્રવાસન વિકાસનું કેન્દ્રસ્થાન બની ગયું છે. કાંકરિયા લેકફ્રન્ટ સતત વધી રહેલી મુલાકાત સંખ્યા અને નોંધપાત્ર આવક સાથે અમદાવાદને એક મજબૂત ટુરિઝમ હબ તરીકે સ્થાપિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. છેલ્લા ત્રણ વર્ષના આંકડાઓ દર્શાવે છે કે, કાંકરિયા લેકફ્રન્ટ પર કુલ મળીને અંદાજે ૧.૨૪ કરોડથી વધુ મુલાકાતીઓ આવ્યા છે. છેલ્લા ત્રણ વર્ષના આંકડાઓની વિગતવાર વાત કરીએ તો, વર્ષ ૨૦૨૩ -૨૦૨૪ દરમિયાન કાંકરિયા લેકફ્રન્ટ પર કુલ ૪૫.૫૨ લાખથી વધુ મુલાકાતીઓએ મુલાકાત લીધી હતી ત્યારબાદ વર્ષ



૨૦૨૪-૨૫માં ૪૨.૫૩ લાખથી વધુ મુલાકાતીઓ કાંકરિયા પહોંચ્યા હતા અને ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬ (નવેમ્બર સુધી)માં જ ૩૬.૩૪ લાખથી વધુ મુલાકાતીઓ કાંકરિયા લેકફ્રન્ટની મુલાકાત લઈ ચૂક્યા છે.કાંકરિયા લેકફ્રન્ટ પર ઉપલબ્ધ બાલવાટિકા, ટોય ટ્રેન, નાગિના વાડી, ઝૂ, લેઝર લાઈટ શો, વિવિધ રમતો અને ફૂડ ઝોન જેવી સુવિધાઓ તેને તમામ વયજૂથ માટે આકર્ષણનું કેન્દ્ર બનાવે છે. સ્વચ્છતા, સુરક્ષા વ્યવસ્થા અને સુવ્યવસ્થિત આયોજનને કારણે કાંકરિયા પરિવાર સાથે ફરવા માટેનું વિશ્વસનીય સ્થળ બની ગયું છે.

દર વર્ષે આયોજિત કાંકરિયા કાર્નિવલ કાંકરિયાની ઓળખને નવા આયામ આપે છે. સંસ્કૃતિ, સંગીત, મનોરંજન, આરોગ્ય અને ટેક્નોલોજી આધારિત આયોજન સાથેનું આ કાર્નિવલ લાખો નાગરિકો અને પ્રવાસીઓને આકર્ષે છે. કાર્નિવલ દરમિયાન વધતી મુલાકાત સંખ્યાથી શહેરના પ્રવાસન ક્ષેત્ર તેમજ સ્થાનિક અર્થતંત્રને પણ નોંધપાત્ર પ્રોત્સાહન મળે છે.આજે કાંકરિયા માત્ર અમદાવાદ કે ગુજરાત પૂરતું સીમિત ન રહી, પરંતુ દેશ-વિદેશના પ્રવાસીઓ માટે પણ મહત્વનું આકર્ષણ બની રહ્યું છે. સાબરમતી રિવરફ્રન્ટ, અટલ બ્રિજ, ફ્લાવર શો અને કાંકરિયા લેકફ્રન્ટ જેવા વિકાસ પ્રોજેક્ટ્સ અમદાવાદને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રવાસન નકશામાં મજબૂત સ્થાન અપાવી રહ્યા છે.આમ, પ્રવાસીઓની સતત વધતી મુલાકાતો અને વિવિધ આકર્ષણો સાથે કાંકરિયા લેકફ્રન્ટ આજે અમદાવાદના ટુરિઝમ હબ તરીકે વિકસતું પ્રતીક બની ગયું છે.

## વડોદરામાં વાહન ચેકિંગ દરમિયાન બુલેટ ચાલકની દાદાગીરી, સરકારી ફરજમાં રૂકાવટ બદલ ગુનો નોંધાયો

। પ્રતિનિધિ, વડોદરા, તા.૪ ।

શહેરના નર્સિંગ હોમ ચાર રસ્તા પાસે વાહન ચેકિંગની કામગીરી દરમિયાન નંબર પ્લેટ વગરની અને મોડીફાઈડ સાઈલેન્સર વાળી બુલેટના ચાલકે ટ્રાફિક પ ોલીસકર્મીઓ સાથે ઝપાઝપી કર્યા બાદ ટ્રાફિક એસપ ીની કચેરી ખાતે પણ ઉચ્ચ પોલીસ અધિકારી સાથે ઉદ્ધતાઈ ભર્યુ વર્તન કરતા રાવપુરા પોલીસે ફરિયાદના આધારે સરકારી ફરજમાં રૂકાવટ ઊભી કરનાર બુલેટ ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.ગઈકાલે સવારે શહેરના નર્સિંગ હોમ ચાર રસ્તા ખાતે ટ્રાફિક પોલીસ દ્વારા વાહન ચેકિંગની કામગીરી ચાલી રહી હતી. તે દરમિયાન એક બુલેટ બાઈક ચાલક ટ્રાફિક સિગ્નલ પાસે ઊભો રહી મોબાઈલ ફોન પર વાત કરતો જોવા મળ્યો હતો. તપાસ દરમિયાન બુલેટ બાઈક પર આગળ-પાછળ નંબર પ્લેટ ન હોવા સાથે મોડીફાઈડ સાઈલેન્સર લગાવેલું હોવાનું બહાર આવ્યું હતું.ટ્રાફિક પોલીસે વાહન સાઈડમાં લેવા જણાવતા બુલેટ ચાલકે પોલીસકર્મી સાથે રકઝક શરૂ કરી હતી. પૂછપરછમાં યુવકે તેની પાસે ડ્રાઈવિંગ લાઈસન્સ તથા જરૂરી ડોક્યુમેન્ટ ન હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ પોલીસે તેને નજીક હાજર સિનિયર અધિકારી સાથે વાત કરવા જણાવ્યું હતું.

## અરવલ્લી : ભિલોડાના ધોલવાણી પાસે કાર-બુલેટ વચ્ચે અકસ્માત, ૨ના મોત

। પ્રતિનિધિ, અરવલ્લી, તા.૪ ।

અરવલ્લીના ભિલોડામાં ગમખ્વાર અકસ્માતની ઘટના બની છે. ભિલોડાના ધોલવાણી પાસે પૂરપાટ ઝડપે આવી રહેલી કારે બુલેટચાલકને ભયંકર ટક્કર મારી હતી. અકસ્માતના બનાવમાં બે વ્યક્તિના મોત નીપ જ્યા છે, જ્યારે એક વ્યક્તિ ઈજાગ્રસ્ત થતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. સમગ્ર મામલે પોલીસે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.મળતી માહિતી મુજબ, અરવલ્લીના ભિલોડાના ધોલવાણી પાસે કાર અને બુલેટ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બેફામ આવતી કારચાલકે ત્રણ સવારી બુલેટને જોરથી ટક્કર મારી હતી. આ ઘટનામાં બાઈક પર સવાર ત્રણ યુવક ઈજાગ્રસ્ત થતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

જ્યાં સારવાર દરમિયાન મયુર ખરાડી અને મનોજ પાંડોર નામના બે યુવકના મોત નીપજ્યા હતા. જ્યારે અન્ય એક ઈજાગ્રસ્ત યુવકને હિંમતનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. મૃતક ભૂતાવળ ગામના રહેવાસી હોવાનું સામે આવ્યું છે.

સમગ્ર બનાવને લઈને પોલીસે અકસ્માતનો ગુનો નોંધ્યો છે. પોલીસે કારચાલકની ધરપકડ કરી છે. તેમજ ઘટનાસ્થળ આસપાસના સીસીટીવી પણ તપાસમાં લઈને આગળની કાર્યવાહી હાથ ધરી છે.




“જન્મથી વંચિત રહેલા સ્વાદનો આનંદ “ સિવિલ ના ડોક્ટરોએ આપ્યો”

# જન્મજાત અન્નનળીની ગંભીર ખામીથી પીડાતી દ્વિજાને આખરે મળી જીવનની સૌથી મીઠી ક્ષણ

## ૫ વર્ષ પછી પહેલીવાર મોંઢેથી ખોરાક લેતા માતા પિતા બન્યાં ભાવુક

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૪ ।

સિવિલ હોસ્પિટલ ના પીડીયાટ્રીક સર્જરી વિભાગ ના ડોક્ટરો દ્વારા ખેડાની પાંચ વર્ષની દ્વિજા ઉપર અત્યંત જટીલ એવી ગેસ્ટ્રીક પુલ અપ સર્જરી સફળતાપુર્વક કરી છે.વર્ષ ૨૦૨૫ માં સિવિલ હોસ્પિટલ ના ડોક્ટરો દ્વારા આવી ત્રણ ગેસ્ટ્રીક સર્જરી કરી ૩ બાળકોના જીવનમાં સ્વાદ ભરવામાં આવ્યો છે.જન્મ થી પાંચ વર્ષ સુધી ટ્યૂબ વડે બહારથી થોડા થોડા સમયે ખોરાક આપવો અને બાળક નું પોષણ ટકાવી રાખવું એ માતા પિતા માટે અગ્નિ પરીક્ષા સમાન હતું.






અત્યંત જટિલ ગેસ્ટ્રિક પુલઅપ સર્જરીમાં હોજરીને ખેંચી તેમાંથી અન્નનળી બનાવવામાં આવે છે.અમદાવાદની સિવિલ હોસ્પિટલ માં અગાઉ પણ આ પ્રકારની ખામી ધરાવતા બાળકો ઉપર સફળ સર્જરી કરી તેમને મોં વાટે ફરીથી ખોરાક લેતા કર્યા છે.

જન્મથી પાંચ વર્ષ સુધી ટ્યૂબ વડે બહારથી ભોજન લેવા મજબૂર દ્વિજાને પહેલી વાર મોંઢેથી ખોરાક લેતાં જોઈને તેના માતા પિતાની આંખમાં હરખનાં આંસુઓ આવી ગયા હતા તેમણે સિવિલ હોસ્પિટલના ડૉક્ટરોનો હૃદય પૂર્વક આભાર માન્યો હતો. ઈસોફેજીયલ એટ્રેશિયા એ ૪૦૦૦ બાળકોમાં એકમાં જોવા મળતી દુર્લભ જન્મજાત ખામી છે.આ વિશે વધુ વિગતો આપતા સિવિલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો. રાકેશ જોષી એ જણાવ્યુ હતુ કે ખેડા ના રહેવાસી અને વ્યવસાયે શિક્ષક એવા વૈભવ મહેતા અને કોકિલા બેનની દીકરી દ્વિજાને જન્મ થી અન્નનળી બનેલી જ નહતી એટલે એ સમય તાત્કાલિક ધોરણે સિવિલ હોસ્પિટલ અમદાવાદમાં જ ઓપરેશન કરી ગળા માં કાણું કર્યુ જ્યાં થી લાળ બહાર આવે અને હોજરી માં ટ્યૂબ મૂકી જેથી ખાવાનું આપી શકાય શરીરમાં લોહીની ખામી, શરદી, કફ વગેરે તકલીફો ના કારણે દ્વિજાને ગેસ્ટ્રીક પૂલ અપ સર્જરી કરવામાં પાંચ વર્ષ જેટલો સમય લાગ્યો હતો આખરે જન્મ ના પાંચ વર્ષ પછી માતા પિતા ની અથાક મહેનત ના પરિણામે દ્વિજા નું વજન તેમજ લોહીના ટકામાં સુધારો થતા સિવિલ હોસ્પિટલના પ ીડીયાટ્રીક સર્જરી વિભાગના ડોક્ટરો દ્વારા તેની ગેસ્ટ્રીક પૂલ અપ સર્જરી કરવા નું નક્કી કરવામાં આવ્યું હતું.દ્વિજાની આ સર્જરી માટે પિ તા વૈભવભાઈએ પ્રાઈવેટ હોસ્પિટલમાં તપાસ કરતા આશરે ચારથી પાંચ લાખ લાખ રૂપિયા નો ખર્ચો જણાવવા માં આવ્યો હતો પરંતુ આટલો ખર્ચો પરવડે તેમ ન હોવાથી તેમજ સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે આ પ્રકારના ઘણા દર્દીઓની સફળ સારવાર થઈ હોવાનું માલુમ પ ડતા તેઓએ દ્વિજા ની ગેસ્ટ્રીક પુલ અપ સર્જરી પણ સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે જ કરાવવાનું નક્કી કર્યુંતા. ૧૭.૧૨.૨૫ ના રોજ ડૉ. રાકેશ જોશી પ્રોફેસર પીડિયાટ્રિક સર્જરી , ડોક્ટર જયશ્રી રામજી પ્રોફેસર પીડીયાટ્રીક સર્જરી અને ડો. સીમા પ્રોફેસર એનેસ્થેસિયા વિભાગ તથા ડૉ. મૃણાલિની અને ડૉ. કિંજલ ની ડોક્ટરોની ટીમ દ્વારા પાંચ વર્ષની દ્વિજાની સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે ગેસ્ટ્રિક પુલ અપ સર્જરી સફળતાપુર્વક કરવામાં આવી.

મધ્યઝોનમાં દબાણો દૂર કરવાની સઘન કાર્યવાહી

# આઇએલ રૂપીટ પરથી ગેરકાયદેસર દબાણો હટાવ્યા, કુલ રૂ. ૧૭,૨૦૦ નો દંડ વસૂલાયો

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૪ ।

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની માલિકીની જગ્યાઓ તથા શહેરમાં જાહેર માર્ગો, ફૂટપાથ પરથી ગેરકાયદેસર દબાણો દૂર કરવા તેમજ શહેરના હવા ગુણવત્તા સૂચકાંક (એક્યુઆઈ)માં સુધારાના હેતુથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં એસ્ટેટ વિભાગ દ્વારા મધ્યઝોનમાં સઘન અમલ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ કાર્યવાહીમાં આઈએલ રૂટ પરથી ગેરકાયદેસર જાહેરખબર અને લારીઓ-ગલ્લાઓ દૂર કરીને રૂ. ૧૭,૨૦૦ નો દંડ વસૂલવામાં આવ્યો હતો, જ્યારે એક્યુઆઇ ઘટાડવા માટે ગ્રીન નેટના નિયમોનું પાલન ન કરનાર અન્ડર કન્સ્ટ્રક્શન ૩ સાઈટ પર રૂ. ૫૦,૦૦૦ નો દંડ ફટકારી સાઈટ સીલ કરવામાં આવી હતી. આમ કુલ રૂ. ૬૭,૨૦૦ નો દંડ વસૂલાયો હતો.

મધ્યઝોનના જમાલપુર ફૂલ બજાર, જમાલપુર શાકમાર્કેટ, ગીતા મંદિર બસ સ્ટેશન, કાલુપુર શાક માર્કેટ, કાલુપ ુર ફ્રુટ માર્કેટ, કાલુપુર, ભદ્ર પરિસર, ગાભા બજાર, નમસ્તે સર્કલ તેમજ દિલ્હી દરવાજા થી શાહપુર દરવાજા તરફના માર્ગ પર આવેલી એએમસીની દુકાનો આસપાસ ગેરકાયદેસર દબાણો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. આ માર્ગ પર આવેલી કાચા-પાકા શેડ પ્રકારની કુલ ૫૪ દુકાનો (આશરે ૧૨૦૦.૦૦ ચો. ફુટ વિસ્તાર) દ્વારા સ્વેચ્છાએ દબાણ દૂર ન કરાતા તા. ૦૨/૦૧/૨૦૨૬ તથા તા. ૦૩/૦૧/૨૦૨૬ ના રોજ ખાતાકીય અમલ હેઠળ દબાણો તોડી પાડવામાં આવ્યા હતા.

## જામનગરમાં પંચેશ્વર ટાવર વિસ્તારમાંથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરાનું વેચાણ કરનાર વિક્રેતા પકડાયો

। પ્રતિનિધિ, જામનગર, તા ૪ ।

જામનગર શહેરમાં પ્રતિબંધીત ચાઈનીઝ પ્લાસ્ટીકના દોરા માંજા તથા તુક્કલ શોધી કાઢવા માટેની ઝુંબેશ ચલાવાઈ રહી હતી, જે દરમિયાન પંચેશ્વર ટાવર વિસ્તારમાંથી એક વિક્રેતા પ્રતિબંધિત ચાઈનીઝ દોરાનું વેચાણ કરતાં પકડાયો છે.જામનગરના સીટી એ. ડીવી પોલિસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં સ્થાનિક પોલીસ ટુકડી પ્રતિબંધીત ચાઈનીઝ પ્લાસ્ટીકના દોરા માંજા તથા તુક્કલ અંગે પેટ્રોલીંગમાં હતી, તે દરમ્યાન સર્વેલન્સ સ્ક્વોર્ડ ની ટીમે પંચેશ્વર ટાવર નજીક ગોવાળ મસ્જિદ પાસે એક ઈસમ દુકાનમાં પ્રતિબંધીત ચાઈનીઝ પ્લાસ્ટીકના દોરા માંજા તથા તુકકલ રાખી તેનુ વેચાણ કરે છે.જે હકીકતના આધારે ખુશાલ પ્રદીપભાઈ બાલાપરિયા નામના વેપારીની દુકાનમાં તપાસણી કરતાં તેની દુકાનમાથી ચાઈનીઝ પ્લાસ્ટકીના દોરા માંઝાની ૧૫ નંગ ચરખી મળી આવી હતી.આથી પોલીસે રૂ.૭,૫૦૦ની કિંમતની ૧૭ નંગ પ્રતિબંધ ચાઈનીઝ દોરા સાથેની ચરખી નો મુદામાલ કબજે કરી લઈ વેપારીની અટકાયત કરી છે, અને તેની સામે સીટી એ. ડિવિઝન પોલીસ મથકમાં જાહેરનામાંના ભંગ બદલ ગુનો નોધ્યો છે.

## રાજકોટમાં ગૌરક્ષકો પર ૧૫ લોકોની ટોળકીએ કર્યો તીક્ષ્ણ હથિયાર વડે હુમલો

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૪ ।

રાજકોટમાં લીમડા ચોક પાસે પંચનાથ મહાદેવના મંદિરની સામે બે ગૌરક્ષક પર ટોળકીએ છરીથી જીવલેણ હુમલો કરતાં ચકચાર મચી છે. શનિવારે (૩ જાન્યુઆરી)ના રોજ બે ગૌરક્ષકે પશુને કતલખાને જતાં બચાવવા જિંદગીની બાજી લગાવી હતી. ૧૫ થી ૨૦ ઈસમોએ વળતો પ્રહાર કરી બે ગૌરક્ષક પર હુમલો કર્યો હતો.

જેમાં એકને ગંભીર ઈજા પહોંચતા હોસ્પિટલમાં દાખલમાં કર્યો છે. બે જીવદયા પ્રેમી ગૌરક્ષક શનિવારની રાત્રે સદર બજારમાં પશુને કતલખાને જતાં બચાવવા ડેરો નાખીને ઊભા હતા. તેમણે બાતમી મળી હતી કે લીમડા ચોક પાસે પંચનાથ મહાદેવના મંદિર સામે પશુહત્યા કરનાર ઈસમો હેરાફેરી કરી રહ્યા છે, જેથી જોર શોરથી બૂમો પાડી પશુ અંગો ભરેલી રિક્ષા અટકાવી હતી. આરોપીએ ત્યાંથી વાહન સાથે ભાગી જવાનો પ્રયાસ કરતો હતો ત્યાં અન્ય એક ફોર વ્હીલ સાથે રિક્ષા અથડાવી દીધી હતી.

છતાં પણ હિંમત રાખી બંને ગૌરક્ષકોએ પશુ અંગો ભરેલી રિક્ષા સાથે ઈસમને પકડી પાડ્યો હતો અને પોલીસ કંટ્રોલ રૂમમાં બનાવની જાણ કરી હતી. પણ તે જ સમયે ૧૫ થી ૨૦ ઈસમો ત્યાં આરોપીને બચાવવા આવી પહોંચ્યા હતા, અને બંને ગૌરક્ષક પર છરીથી ઘાતકી હુમલો કરી દીધો હતો.

જેમાં એક જીવદયા પ્રેમી કિશન શર્માને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેને તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.

બીજી તરફ સાથી ગૌરક્ષક જયેન્દ્ર રાદવાણિયાએ સમગ્ર મામલે પ્રદ્યુમ્નનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી છે.રાજકોટમાં લીમડા ચોક પાસે પંચનાથ મહાદેવના મંદિરની સામે બે ગૌરક્ષક પર ટોળકીએ છરીથી જીવલેણ હુમલો કરતાં ચકચાર મચી છે.






## તંત્રી લેખ..

# પ્રદુષણ રોકવા પહેલ

વાયુ પ્રદુષણને લઈને પારસ્પરિક વધારે સારી સમજ ઉભી કરવા અને વાયુ પ્રદુષણના સ્તરને ઘટાડી દેવા માટે ભારત અને અમેરિકાના વૈજ્ઞાનિકો ખુબ નજીકના અંતરથી કામ કરી રહ્યા છે. જો કે અમેરિકાનુ સૌથી મોટી યોગદાન તેના દ્વારા ભુતકાળમાં કરવામાં આવેલા સંઘર્ષને લઈને હોઈ શકે છે. જો અમેરિકાના સંઘર્ષથી ભારત શિખી શકશે તો લાભ વહેલી તકે થશે. અમેરિકા વાયુ પ્રદુષણને ઘટાડી દેવા માટે ભારતના પ્રયાસોમાં મદદરૂપ છે. અમારી પાસે કેટલાક મદદરૂપ બને તેવા ટેકનોલોજી નિષ્ણાંત લોકો રહેલા છે. સાથે સાથે ટોપના સાધન પણ છે. જે વાયુ પ્રદુષણના સ્તરને ઘટાડી શકે છે. જેમાં કે સ્ક્રબર છે. જે તાપ વીઝળી સાધનો અને ઉપકરણોમાંથી નિકળનાર ઉત્સર્જનના પ્રમાણને ઘટાડી દે છે. એવા સાધનો પણ ઉપયોગી રહે છે જે ડિઝલના વાહનોમાં રેટ્રોફિટ થઈ જાય છે. સાથે સાથે ઉત્સર્જન ઘટાડી નાંખે છે. આ ઉપરાંત પણ અતિ આધુનિક ઈલેકટ્રિક વાહન ટેકનોલોજી છે. અમારા વૈજ્ઞાનિકો અમેરિકાના વૈજ્ઞાનિકો સાથે મળીને કામ કરી રહ્યા છે. અમેરિકાના નિષ્ણાંતો પણ એક બાબત તો કબુલ કરે છે કે ભારતીય લોકો અને સરકાર યોગ્ય દિશામાં આગળ વધી રહી છે. વાયુ પ્રદુષણને ઘટાડી દેવામાં આવનાર દિવસોમાં મદદ મળી શકે છે. ભારત વાયુ પ્રદુષણને રોકવા માટે સતત પ્રયાસરત છે. ભારત દ્વારા સ્થાનિક ડેટા પર ભાર મુકે છે. જેના આધાર પર નક્કર ઉકેલ શોધી કાઢવા માટેના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. અમેરિકા આ દિશામાં ભારતને સહાયતા કરવા માટે તૈયાર છે. અમેરિકા પણ માને છે કે પોતાના સમૃદ્ધ ભવિષ્ય માટે ભારત પણ સ્વસ્થ રહે તે જરૂરી છે. વાયુ પ્રદુષણ કેટલા હદ સુધી ખતરનાક બને છે તેના પુરવા વારંવાર અભ્યાસ મારફતે મળતા રહે છે. જીનેવા સ્થિત વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબલ્યુએચઓ) એ પોતાના અહેવાલમાં કહ્યું છે કે દર વર્ષે વાયુ પ્રદુષણના કારણે વિશ્વભરમાં ૨ મિલિયન અથવા તો ૨૦ લાખ લોકોના મોત થઈ જાય છે. ડબલ્યુએચઓ દ્વારા એકત્રિત કરવામાં આવેલા ડેટામાં આ મુજબ જણાવવામાં આવ્યું છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ૫૧ દેશોના ૧૧૦૦ શહેરોમાંથી આંકડા એકત્રિત કરવામાં આવ્યા છે. આ આંકડા મુજબ હવાઈ પ્રદૂષણનું સ્તર સતત વધી રહ્યું છે. આના કારણે હાર્ટ સાથે સંબંધિત રોગ, ફેંફસાના કેન્સર, અસ્થમા અને શ્વાસ લેવાની તકલીફ તેમજ અન્ય ઈન્ફેક્શન રોગોનો સમાવેશ થાય છે. ઘણા શહેરી વિસ્તારોમાં આ તમામ રોગ સામાન્ય બની ચૂક્યા છે. કેટલાક શહેરોમાં પ્રદૂષણની સપાટી ડબલ્યુએચઓની માર્ગદર્શિકાની સરખામણીમાં ૧૫ ઘણી વધારે છે.

# ફિટ રહેવા રોજ ૨૨ મિનિટ ચાલો

આમાં કોઈ શંકા નથી કે આપ હેલ્થી અને બિમારીથી દુર રહેવા માટે ઈચ્છુક છો તો પોતાની નિષ્ક્રિય લાઈફસ્ટાઈલને છોડી દેવી પડશે. પોતાની ગતિહીન લાઈફસ્ટાઈલને ત્યાગીને એક્ટિ લાઈફસ્ટાઈલ અપનાવવાની સ્થિતીમાં જીવન બદલાઈ શકે છે. વધારે ફિટ અને સ્વસ્થ રહી શકાય છે. માત્ર એક ફેરફાર કરીને આપ હાર્ટ સાથે સંબંધિત બિમારી, સ્ટ્રોક, ડાયાબિટીસ અને કેન્સર જેવી બિમારીને દુર રાખી શકાય છે. તાજેતરમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે એક્ટિવ લાઈફસ્ટાઈલ માટે આપને દિવસભર જીમમાં પરસેવો વહેડાવવાની કોઈ જરૂર નથી. દરરોજ માત્ર ૨૨ મિનિટ સુધી વોકિંગ કરવામાં આવે તો પણ સારા પરિણામ મળી શકે છે. ૨૨ મિનટ સુધી રોજ ચાલવાથી આરોગ્યને જાળવી શકાય છે. અમેરિકન જર્નલ ઓફ પ્રિવેન્ટિવ મેડિસીનમાં પ્રકાશિત કરવામાં આવેલા અભ્યાસના પરિણામ હવે જાહેર કરવામાં આવ્યા છે. જે દર્શાવે છે કે દરરોજ ૩૦ મિનિટ સુધી વોકિંગ ખુબ ફાયદાકારક છે. આના કારણે મોતની શંકા ૨૦ ટકા સુધી ઘટી જાય છે. અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે વોકિંગ ખુબ સરળ અને પરફેક્ટ કસરત સમાન છે. ૧૩ વર્ષ સુધી વ્યપાક અભ્યાસ કર્યા બાદ આના તારણ જારી કરવામાં આવ્યા છે. વોકિંગ સરળ કસરત છે. કારણ કે તે એક સિમ્પલ એક્શન છે. જે સંપૂર્ણ રીતે ફ્રી છે. તેના માટે કોઈ પણ પ્રકારના સાધનની જરૂર હોતી નથી. તાજેતરમાં જ કરવામાં આવેલા અન્ય એક રસપ્રદ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધી કસરત લાઈફમાં ત્રણ વર્ષનો ઉમેરો કરે છે. અભ્યાસમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે મોટાભાગના લોકો ૩૦ મિનિટ સુધીની કસરત કરે તો તેમના લાઈફમાં ઉમેરો કરી શકે છે. અભ્યાસમાં એવું પણ જાણવા મળ્યું છે કે સપ્તાહમાં પાંચ દિવસ કસરત કરવાથી પણ ફાયદો મળે છે. નિષ્ણાંતોએ કહ્યું છે કે ઓછા ડોઝના કારણે ઓછો ફાયદો થાય છે પરંતુ નિયમિત રીતે ૩૦ મિનિટ સુધી કસરત ખૂબ જ આદર્શ છે. લીડ રિચર્સર તાઈવાનના સીપેંગે કહ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધીની કસરતથી પણ ફાયદો થાય છે. વોકીંગથી પણ ફાયદો થાય છે. તાઈવાનની નેશનલ હેલ્થ રિચર્સ ઈન્સ્ટ્રીટ્યુટના પેંગે કહ્યું છે કે પુરુષો, મહિલાઓ, યુવાનો અને વૃદ્ધ લોકો તેમજ ધૂમ્રપાન કરનાર લોકો તથા અસ્વસ્થ રહેતા લોકો માટે પણ નિયમિત પણે કસરત ખૂબ જ ઉપયોગી છે. જ્યારે પણ દર્દીઓ કોઈ ખાસ તકલીફના દર્દીને જુએ છે ત્યારે વોકીંગની સલાહ આપે છે અથવા તો તેને હળવી કસરતની સલાહ આપે છે. મેડીકલ જનરલમાં પ્રકાશિત થયેલા તેમના તારણોમાં જણાવવામાં આવ્યું છે કે ૪૧૬૦૦૦ લોકોને આવરી લઈને આ સર્વે કરવામાં આવ્યો હતો જેમાં મોટાભાગના લોકોના મત જાણવામાં આવ્યા હતા. તેમના આરોગ્ય અંગે પણ પ્રશ્નો કરવામાં આવ્યા હતા. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ૧૫ મિનિટ કસરતથી ઉપયોગી ફાયદો થાય છે. દરરોજની કસરત કેન્સરના જોખમને ઘટાડવામાં ઉપયોગી સાબિત થાય છે.



**વિશેષ**

લેખક : નરેન્દ્ર મોદી

**સોમનાથ... આ શબ્દ સાંભળતા જ આપણા હૃદય અને મનમાં ગર્વની લાગણી જન્મે છે**

ભારતની આત્માની શાશ્વત ઘોષણા । આ ભવ્ય મંદિર ભારતના પશ્ચિમ કિનારે ગુજરાતમાં પ્રભાસ પાટણ નામના સ્થળે આવેલું છે । દ્વાદશ જ્યોતિર્લિંગ સ્તોત્રમાં ભારતભરના ૧૨ જ્યોતિર્લિંગોનો ઉલ્લેખ છે । પ્રથમ જ્યોતિર્લિંગ તરીકે સોમનાથની સભ્યતા અને આધ્યાત્મિક મહત્વનું પ્રતીક

# સોમનાથ સ્વાભિમાન પર્વ અખંડ આસ્થાના ૧૦૦૦ વર્ષ (૧૦૨૬-૨૦૨૬)

**વર્ષ ૨૦૨૬ સોમનાથ મંદિર માટે મહત્ત્વપૂર્ણ છે, આ મહાન મંદિર પર થયેલા પ્રથમ હુમલાને ૧,૦૦૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે, જાન્યુઆરી ૧૦૨૬ માં જ ગઝનીના મહમુદે આ મંદિર પર હુમલો કર્યો હતો, જેણે હિંસક અને બર્બર આક્રમણ દ્વારા શ્રદ્ધા અને સભ્યતાના મહાન પ્રતીકને નષ્ટ કરવાનો પ્રયાસ કર્યો હતો**









સોમનાથ... આ શબ્દ સાંભળતા જ આપણા હૃદય અને મનમાં ગર્વની લાગણી જન્મે છે. તે ભારતની આત્માની શાશ્વત ઘોષણા છે. આ ભવ્ય મંદિર ભારતના પશ્ચિમ કિનારે ગુજરાતમાં પ્રભાસ પાટણ નામના સ્થળે આવેલું છે. દ્વાદશ જ્યોતિર્લિંગ સ્તોત્રમાં ભારતભરના ૧૨ જ્યોતિર્લિંગોનો ઉલ્લેખ છે. સ્તોત્રની શરૂઆત "सौराष्ट्र सोमनाथं च.." થી થાય છે, જે પ્રથમ જ્યોતિર્લિંગ તરીકે સોમનાથની સભ્યતા અને આધ્યાત્મિક મહત્વનું પ્રતીક છે. એમ પણ કહેવાય છે કેઃसोमलङ्गिं नरो दृष्टा सर्वपापैः प्रमुच्यते> लभते फलं मनोवांछतिम मृतः स्वर्ग समाश्रयेत ॥તેનો અર્થ છેઃ સોમનાથ શિવલિંગના માત્ર દર્શન કરવાથી મનુષ્ય પાપોમાંથી મુક્ત થાય છે, તેની ધાર્મિક ઈચ્છાઓ પૂર્ણ થાય છે અને મૃત્યુ પછી સ્વર્ગ પ્રાપ્ત કરે છે. દુર્ભાગ્યવશ, આ જ સોમનાથ, જે લાખો લોકોની શ્રદ્ધા અને પ્રાર્થનાનું કેન્દ્ર હતું, તેના પર વિદેશી આક્રમણકારો દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો, જેમનો એજન્ડા વિનાશ કરવાનો હતો, ભક્તિ નહીં.વર્ષ ૨૦૨૬ સોમનાથ મંદિર માટે મહત્ત્વપૂર્ણ છે. આ મહાન મંદિર પર થયેલા પ્રથમ હુમલાને ૧,૦૦૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. જાન્યુઆરી ૧૦૨૬ માં જ ગઝનીના મહમુદે આ મંદિર પર હુમલો કર્યો હતો, જેણે હિંસક અને બર્બર આક્રમણ દ્વારા શ્રદ્ધા અને સભ્યતાના મહાન પ્રતીકને નષ્ટ કરવાનો પ્રયાસ કર્યો હતો. તેમ છતાં, એક હજાર વર્ષ પછી પણ, સોમનાથને તેની ભવ્યતામાં પુનઃસ્થાપિત કરવાના અસંખ્ય પ્રયાસોને કારણે મંદિર આજે પણ એટલું જ ભવ્ય છે.આવો જ એક સીમાચિહ્ન ૨૦૨૬ માં ૭૫ વર્ષ પૂર્ણ કરે છે. ૧૧ મે ૧૯૫૧ ના રોજ એક સમારોહ દરમિયાન, ભારતના તત્કાલીન રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદની ઉપસ્થિતિમાં, પુનઃનિર્મિત મંદિરના દ્વાર ભક્તો માટે ખોલવામાં આવ્યા હતા. ૧૦૨૬ માં સોમનાથ પર થયેલા પ્રથમ આક્રમણ, નગરના લોકો પર કરવામાં આવેલી ક્રૂરતા અને મંદિર પર થયેલા વિનાશનું વિવિધ ઐતિહાસિક વૃત્તાંતોમાં વિગતવાર દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું છે.જ્યારે તમે તેને વાંચો છો, ત્યારે હૃદય કંપી ઉઠે છે. દરેક પંક્તિ દુઃખ, ક્રૂરતા અને એવી પીડાનો ભાર વહન કરે છે જે સમયની સાથે ભૂંસાતી નથી. ભારત અને લોકોના મનોબળ પર તેની કેવી અસર પડી હશે તેની કલ્પના કરો. સોમનાથનું મોટું આધ્યાત્મિક મહત્વ હતું. તે દરિયાકાંઠે હોવાથી, મહાન આર્થિક પરાક્રમ ધરાવતા સમાજને શક્તિ પણ આપતું હતું, જેના દરિયાઈ વેપારીઓ અને નાવિકો તેની ભવ્યતાની ગાથાઓ દૂર-દૂર સુધી લઈ જતા હતા.તેમ છતાં, હું નિઃસંકોચપણે ગર્વ સાથે કહી શકું છું કે સોમનાથની વાર્તા, પ્રથમ હુમલાના એક હજાર વર્ષ પછી પણ, વિનાશ દ્વારા વ્યાખ્યાયિત થતી નથી. તે ભારત માતાના કરોડો સંતાનોના અતૂટ સાહસ દ્વારા વ્યાખ્યાયિત થાય છે. ૧૦૨૬માં શરૂ થયેલી મધ્યકાલીન બર્બરતાએ અન્યોને વારંવાર સોમનાથ પર હુમલો કરવા માટે 'પ્રેરિત' કર્યા હતા. તે આપણા લોકો અને સંસ્કૃતિને ગુલામ બનાવવાનો પ્રયાસ હતો. પરંતુ, દર વખતે જ્યારે મંદિર પર હુમલો થયો, ત્યારે આપણી પાસે એવા મહાન પુરુષો અને સ્ત્રીઓ હતા જેઓ તેના રક્ષણ માટે ઉભા થયા અને સર્વોચ્ચ બલિદાન પણ આપ્યું.અને દરેક વખતે, પેઢી દર પેઢી, આપણી મહાન સંસ્કૃતિના લોકો બેઠા થયા અને મંદિરનું પુનઃનિર્માણ તેમજ નવજીવન કર્યું. એ જ માટી દ્વારા આપણું પણ પાલન-પોષણ થવું એ આપણું સૌભાગ્ય છે જેણે અહિલ્યાબાઈ હોલકર જેવા મહાનુભાવોને પોષ્યા છે, જેમણે ભક્તો સોમનાથમાં પ્રાર્થના કરી શકે તે માટે ઉમદા પ્રયાસ કર્યો હતો. ૧૮૯૦ના દાયકામાં, સ્વામી વિવેકાનંદે સોમનાથની મુલાકાત લીધી હતી અને તે અનુભવથી તેઓ પ્રભાવિત થયા હતા.તેમણે ૧૮૯૭ માં ચેન્નાઈમાં એક વ્યાખ્યાન દરમિયાન પોતાની લાગણી વ્યક્ત કરતા કહ્યું હતું કે, "દક્ષિણ ભારતના આમાંના કેટલાક પ્રાચીન મંદિરો અને ગુજરાતના સોમનાથ જેવા મંદિરો તમને જ્ઞાનના અઢળક પાઠ શીખવશે, કોઈપણ પુસ્તકો કરતાં આ જાતિના ઈતિહાસમાં ઊંડી સમજ આપશે. જુઓ કે આ મંદિરો કેવી રીતે સો હુમલાઓ અને સો જીર્ણોધારન નિશાન ધરાવે છે, જે સતત નાશ પામતા રહ્યા અને ખંડેરોમાંથી સતત બહાર આવતા રહ્યા, નવપલ્લિત અને હંમેશાની જેમ મજબૂત! તે રાષ્ટ્રીય મન છે, તે રાષ્ટ્રીય જીવન-પ્રવાહ છે. તેને અનુસરો અને તે ગૌરવ તરફ દોરી જશે. જો તેને છોડી દેશો તો તમે નાશ પામશો; જે ક્ષણે તમે તે જીવન પ્રવાહની બહાર પગ મૂકશો, મૃત્યુ એ એકમાત્ર પરિણામ હશે, વિનાશ જ એકમાત્ર અસર હશે." સ્વતંત્રતા પછી સોમનાથ મંદિરના પુનઃનિર્માણની પવિત્ર ફરજ સરદાર વલ્લભભાઈ પટેલના સમર્થ હાથોમાં આવી. ૧૯૪૭ માં દિવાળીના સમયે એક મુલાકાતે તેમને એટલા પ્રભાવિત કર્યા કે તેમણે ત્યાં મંદિરના પુનઃનિર્માણની જાહેરાત કરી દીધી. અંતે, ૧૧ મે ૧૯૫૧ ના રોજ, સોમનાથમાં એક ભવ્ય મંદિરના દ્વાર ભક્તો માટે ખુલ્યા અને ડૉ. રાજેન્દ્ર પ્રસાદ ત્યાં ઉપસ્થિત રહ્યા હતા. મહાન સરદાર સાહેબ આ ઐતિહાસિક દિવસ જોવા જીવિત નહોતા, પરંતુ તેમના સ્વપ્રની પૂર્તિ રાષ્ટ્ર સમક્ષ ગર્વથી ઊભી હતી. તત્કાલીન પ્રધાનમંત્રી, પંડિત જવાહરલાલ નેહરુ, આ ઘટનાક્રમથી બહુ ઉત્સાહિત નહોતા. તેઓ ઈચ્છતા ન હતા કે માનનીય રાષ્ટ્રપતિ તેમજ મંત્રીઓ આ વિશેષ કાર્યક્રમ સાથે જોડાય. તેમણે કહ્યું હતું કે આ ઘટનાએ ભારતની ખરાબ છાપ ઊભી કરી છે. પરંતુ ડૉ. રાજેન્દ્ર પ્રસાદ અડગ રહ્યા અને બાકીનો ઈતિહાસ છે. સોમનાથનો કોઈ પણ ઉલ્લેખ કે. એમ. મુનશીના પ્રયાસોને યાદ કર્યા વિના અધૂરો છે, જેમણે સરદાર પટેલને ખૂબ જ અસરકારક રીતે સાથ આપ્યો હતો. 'સોમનાથઃ ધ શ્રાઈન એટર્નલ' પુસ્તક સહિત સોમનાથ પરના તેમના કાર્યો અત્યંત માહિતીપ્રદ અને શિક્ષિત કરનારા છે.ખરેખર, મુનશીજીના પુસ્તકનું શીર્ષક જણાવે છે તેમ, આપણે એવી સંસ્કૃતિ છીએ જે આત્મા અને વિચારોની શાશ્વતતા વિશે દ્રઢ વિશ્વાસ ધરાવે છે. ગીતાના પ્રખ્યાત શ્લોક "नैनं छिन्दिन्ति शस्त्राणि..." માં દર્શાવ્યા મુજબ, જે શાશ્વત છે તે અવિનાશી છે એવું આપણે દ્રઢપણે માનીએ છીએ. આપણી સભ્યતાના અદમ્ય ઉત્સાહનું સોમનાથથી વધુ સારું ઉદાહરણ બીજું કોઈ હોઈ શકે નહીં, જે મુશ્કેલીઓ અને સંઘર્ષો પર વિજય મેળવીને ભવ્ય રીતે ઊભું છે.આ જ ભાવના આપણા રાષ્ટ્રમાં જોવા મળે છે, જે સદીઓના આક્રમણો અને સંસ્થાનવાદી લૂંટને પાર કરીને વૈશ્વિક વિકાસના તેજસ્વી સ્થળોમાંનું એક છે. આપણી મૂલ્ય પ્રણાલીઓ અને આપણા લોકોના નિશ્ચયે જ ભારતને આજે વૈશ્વિક ધ્યાનનું કેન્દ્ર બનાવ્યું છે. વિશ્વ ભારતને આશા અને આશાવાદ સાથે જોઈ રહ્યું છે. તેઓ આપણા નવયુવાનોમાં રોકાણ કરવા માંગે છે. આપણી કલા, સંસ્કૃતિ, સંગીત અને અનેક તહેવારો વૈશ્વિક સ્તરે જઈ રહ્યા છે. યોગ અને આયુર્વેદ વિશ્વભરમાં પ્રભાવ પાડી રહ્યા છે અને સ્વસ્થ જીવનને પ્રોત્સાહન આપી રહ્યા છે. વિશ્વના કેટલાક સૌથી કપરા પડકારોના ઉકેલો ભારતમાંથી આવી રહ્યા છે.અનાદિ કાળથી, સોમનાથે જીવનના વિવિધ ક્ષેત્રોના લોકોને એકસાથે લાવ્યા છે. સદીઓ પહેલા, એક આદરણીય જૈન સાધુ કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય સોમનાથ આવ્યા હતા. એવું કહેવાય છે કે ત્યાં પ્રાર્થના કર્યા પછી, તેમણે એક શ્લોક ગાયો હતો, "भवबीजाङ्कुरजनना रागाद्याः क्षयमुपगता यस्या।". તેનો અર્થ છે - તે ઈશ્વરને વંદન જેમાં સાંસારિક બનેલા બીજ નાશ પામે છે, જેમાં રાગ અને તમામ ક્લેશો શમી ગયા છે. આજે પણ સોમનાથ મન અને આત્મામાં કંઈક ગહન જાગૃત કરવાની ક્ષમતા ધરાવે છે.૧૦૨૬ ના પ્રથમ હુમલાના એક હજાર વર્ષ પછી પણ, સોમનાથનો દરિયો આજે પણ એ જ તીવ્રતાથી ગર્જના કરે છે જેવી તે સમયે કરતો હતો. સોમનાથના કિનારાને સ્પર્શતી લહેરો એક વાર્તા કહે છે. ભલે ગમે તે થાય, મોજાંની જેમ તે વારંવાર ઊઠતું રહશે. ભૂતકાળના આક્રમણકારો હવે હવામાં ધૂળ બની ગયા છે, તેમના નામ વિનાશના પર્યાય છે. તેઓ ઈતિહાસના પાનામાં ફૂટનોટ્સ બનીને રહી ગયા છે, જ્યારે સોમનાથ તેજસ્વી રીતે ઉભું છે, જે ક્ષિતિજની પેલે પાર સુધી પ્રકાશ ફેલાવે છે, અને આપણને એ શાશ્વત ભાવનાની યાદ અપાવે છે જે ૧૦૨૬ના હુમલા છતાં પણ અકબંધ રહી હતી. સોમનાથ એ આશાનું ગીત છે જે આપણને કહે છે કે નફરત અને કટ્ટરતા પાસે ભલે એક ક્ષણ માટે નાશ કરવાની શક્તિ હોય, પરંતુ સારપની શક્તિમાં વિશ્વાસ અને દ્રઢતા પાસે અનંતકાળ સુધી સર્જન કરવાની શક્તિ છે.જો સોમનાથ મંદિર, જેના પર એક હજાર વર્ષ પહેલાં હુમલો થયો હતો અને ત્યારપછી સતત આક્રમણોનો સામનો કરવો પડ્યો હતો, તે ફરીથી અને ફરીથી ઉભું થઈ શકતું હોય, તો આપણે ચોક્કસપણે આપણા મહાન રાષ્ટ્રને તે ગૌરવ અપાવી શકીએ છીએ જે આક્રમણો પહેલા એક હજાર વર્ષ પહેલાં હતું. શ્રી સોમનાથ મહાદેવના આશીર્વાદ સાથે, આપણે આગળ વધીએ છીએ... વિકસિત ભારત બનાવવાના નવા સંકલ્પ સાથે, જ્યાં સભ્યતાનું જ્ઞાન આપણને સમગ્ર વિશ્વના કલ્યાણ માટે કામ કરવા માર્ગદર્શન આપે છે.જય સોમનાથ!

# શિક્ષણ જોકે આજીવિકા અને તેના દ્વારા જરૂરિયાતની પૂર્તિનું સાધન છે

**પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ બનનારા વ્યાવસાયિક ત્રણ-ચાર વર્ષોના પોતાના સેવાકાળમાં પણ પોતાના અનુભવ, જ્ઞાન અને કૌશલ્યથી વિદ્યાર્થીઓના જ્ઞાન અને કૌશલ્યને વધારવામાં બહુ સહાયક થશે**

ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં કુલ સ્વીકૃત શૈક્ષણિક પદોના દસ ટકા સુધી 'પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ'ની નિયુક્તિની યોજના બહુ જ તાર્કિક છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ -૨૦૨૦ અંતર્ગત બનેલી આ યોજના જ્ઞાન, અનુભવ અને કૌશલ્યની મહત્તા આપનારી છે. એન્જિનિયરિંગ, વિજ્ઞાન, મીડિયા, સાહિત્ય, ઉદ્યમ, સમાજ વિજ્ઞાન, લલિત કલા, નાગરિક સેવા અને સૈન્ય દળોના વ્યાવસાયિક જ્યારે પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ નિયુક્ત કરાશે તો જ્ઞાનનું વિઉપનિવેશીકરણ થશે. ૧૯મી સદીમાં મેકોલીની શિક્ષણ નીતિએ જ્ઞાનનું સંસ્થાનીકરણ કરી તેને પશ્ચિમમુખી બનાવી દેવામાં આવ્યું હતું અને જ્ઞાનના બિનયુરોપીય સ્રોતની અવગણના કરવામાં આવી હતી. ભારતમાં જ્ઞાનના એ સ્રોત બહુ પહેલેથી જ વિદ્યમાન છે. ભારતની જ્ઞાન પ્રણાલીની અવગણના કરીને ભારતમાં બ્રિટિશ રાજ અને તેની શિક્ષણ નીતિનો વિસ્તાર થયો.

અંગ્રેજી શાસનની ભારતીય કલા સંપદા પર કેવી વક્ર દૃષ્ટિ હતી, તેને સખારામ ગણેશ દેઉસ્કરે ૧૯૦૪માં પ્રકાશિત પોતાના પુસ્તક 'દેશેર કથા'માં પ્રમાણો સહિત પ્રસ્તુત કરી છે. તેમણે તેનું વિસ્તારથી વર્ણન કર્યું છે કે અંગ્રેજ વેપારીઓ કઈ રીતે ભારતીય હસ્તકલા અને શિલ્પના અસાધારણ કલાકારો પર પોતાના સ્વાર્થની પૂર્તિ માટે અયોગ્ય દબાણ કરતા હતા અને અવજ્ઞા કરાતાં તેમના અંગૂઠા કે હાથ જ કાપી લેતા હતા. વિભિન્ન ક્ષેત્રોમાં એવી અસાધારણ પ્રતિભા હજુ પણ વિદ્યમાન છે. દેશના વિભિન્ન હિસ્સામાં વિભિન્ન આદિવાસી સમૂહ આજે પણ ખજૂરનાં પાંદડાં, ઘાસ, પથ્થર, લાકડીથી બનેલ દૈનિક ઉપયોગ અને સજાવટની ચીજો એટલી કલાત્મક રીતે બનાવે છે કે તેમનું ઉન્નત હસ્તશિલ્પ ચકિત કરી દે છે. ભારતીય ચિત્રકલાના બે મુખ્ય પ્રકાર છે. એક, જે પ્રાચીન કાળથી ગામડાંમાં છે. બીજી, આધુનિક કલા. પ્રાચીન કાળથી ચાલી આવતી લોક કલા સામાન્ય જીવનના અનુભવો અને પ્રયોજનો વચ્ચે વિકસિત થતી ગઈ છે. ભારતના સુદૂર ગામડાંમાં દીવાલો પર, કપડા પર એકથી એક ચડિયાતી નકશીકામ અને કલા જોઈને કોઈને પણ વિસ્મય થઈ શકે છે. પારંપરિક અને આધુનિક બંને કલાઓનું અલગ મહત્ત્વ છે. બંનેએ પોતપોતાના સામાજિક માળખામાં વિકાસ કર્યો છે. પારંપરિક કલાઓએ ગામડાંમાં અને અકાદમિક કલાએ શહેરોમાં. ભારતના સંદર્ભે બંને સત્ય છે અને બંનેના આઈનામાં કલાનું શિક્ષણ ઉપયોગી બની શકે છે. એવી પ્રતિભાઓ પાસે જ્ઞાન, કૌશલ્ય અને અનુભવનો ખજાનો છે, પરંતુ ઉપેક્ષિત રહી ગઈ છે, તેમને પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ યોજના સાથે જોડવાથી તેમની પ્રતિભાનો યોગ્ય ઉપયોગ થઈ શકશે અને તેમના પ્રશિક્ષણમાં છાત્રોના વ્યવસાયિક કૌશલ્યને નિખારવા અને તેમને સંબંધિત ઉદ્યોગ કે વ્યવસાય અનુસાર ઢાળવામાં મદદ મળશે. આ યોજનાથી અનુભવી, યોગ્ય શિક્ષકો અને વિષય વિશેષજ્ઞોની કમી પણ પૂરી થશે. એવા વ્યવસાયિક જેમની પાસે પીએચડી, નેટ કે ઔપચારિક શિક્ષણ નથી, પરંતુ પોતાના વ્યવસાયમાં ૧૫ વર્ષનો અનુભવ છે, તેમણે પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ રૂપે એક વર્ષથી લઈને વધુમાં વધુ ત્રણ વર્ષ સુધી માટે નિયુક્તિ મળી શકે છે. કોઈ વિશેષ મામલે એક વર્ષનો સેવા વિસ્તાર પણ મળી શકે છે. દેખીતું છે કે પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ બનનારા વ્યાવસાયિક ત્રણ-ચાર વર્ષોના પોતાના સેવાકાળમાં પણ પોતાના અનુભવ, જ્ઞાન અને કૌશલ્યથી વિદ્યાર્થીઓના જ્ઞાન અને કૌશલ્યને વધારવામાં બહુ સહાયક થશે. મહાત્મા ગાંધી પણ આ જ કૌશલ્યના તરફદાર હતા. ગાંધીજી ઈચ્છતા હતા કે બાળકો હાથથી લખવાનું શીખતાં પહેલાં ઓજાર ચલાવવાનું શીખે. તેમના માટે 'હાથની તાલીમ'નો મતલબ એ હતો કે વિદ્યાર્થી એવી વસ્તુઓ બનાવે જે બજારમાં વેચી શકાય.



ગાંધીજી તેની તરફદારી એટલા માટે કરતા હતા, કારણ કે હાથથી કામ કરવાનું કૌશલ્ય જ એ ચીજ છે, જે મનુષ્યને પશુથી અલગ કરે છે. ગાંધીજીને તેનો બોધ હતો કે વિદ્યાર્થીના કામની ગુણવત્તા તેમને સન્માન પણ અપાવશે. સમાજમાં કામની ગુણવત્તા હંમેશાં સન્માનિત થતી રહી છે. શિક્ષણ જોકે આજીવિકા અને તેના દ્વારા જરૂરિયાતની પૂર્તિનું સાધન છે, એવામાં ઉપયોગી હસ્તકલા શીખનારા પોતાની આજીવિકા માટે તેનો આશ્રય લઈ શકે છે અને એ પ્રણાલીથી આત્મનિર્ભર પણ બની શકે છે.

પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ રૂપે કામ કરનારાઓ પાસે એ અપેક્ષા સ્વાભાવિક રહેશે કે તેઓ વિદ્યાર્થીઓને વ્યાવહારિક પ્રશિક્ષણ આપીને તેમને આત્મનિર્ભર બનાવામાં સહયોગ કરે. સાથે જ ઉદ્યોગોની જરૂરિયાતો અને રાષ્ટ્રની જરૂરિયાતને અનુકૂળ વિદ્યાર્થીઓની અંદર કૌશલનું નિર્માણ કરે. પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ યોજનાની સાર્થકતા એના પર નિર્ભર કરશે કે તે વિદ્યાર્થીને વ્યાવહારિક પ્રશિક્ષણ, કૌશલ્ય અને રોજગારના કેટલા અવસર ઉપલબ્ધ કરાવે છે અને નવી પેઢીને ભવિષ્યમાં આવનારા પડકારો માટે કેટલી તૈયાર કરે છે. આજે શીખવાનું પરિવેશ ઝડપથી પરિવર્તિત થઈ રહ્યું છે. મૌખિકથી લેખિત થઈને આપણે ડિજિટલ દુનિયામાં દાખલ થઈ ગયા છીએ. તેથી હવે ડિજિટલ દુનિયાને અનુકૂળ વિદ્યાર્થીને કામ શીખવવું પડશે.

ઓનલાઈન શિક્ષણ એક એવો વિકલ્પ છે, જેની હવે ઉપેક્ષા સંભવ નથી. શિક્ષણની પારંપરિક પદ્ધતિઓની સાથે ઉત્તરોત્તર આધુનિક ટેકનિકનો સમન્વય હવે અનિવાર્ય છે, કારણ કે ફક્ત પારંપરિક શિક્ષણ પર ટકેલા રહેવાથી કેટલીય નવી ચીજો છૂટી જશે અને તે શિક્ષણ પણ એકાંગી થઈને રહી જશે. એક અગ્રગામી, ગતિશીલ અને ઉત્તરોત્તર આધુનિક શિક્ષણ પદ્ધતિનો માર્ગ પ્રશસ્ત કરતાં પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ યોજનાએ પોતાની ભૂમિકા અને ઉપયોગિતા સુનિશ્ચિત કરવી પડશે. જરૂરિયાત પ્રમાણે જ્ઞાન મેળવવું, જ્ઞાનના માધ્યમથી વિદ્યાર્થીનો પરિષ્કાર અને જ્ઞાનનો સમ્યક ઉપયોગ સુનિશ્ચિત કરવો સમયની માંગ છે.



# Cyber Octet™

## CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

**BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD**

## Learn Ethical Hacking & Cyber Security

### WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com




# હિલ સ્ટેશન માઉન્ટ આબુમાં શિમલા જેવો માહોલ

। એજન્સી, આબુ, તા.૪ ।

રાજસ્થાનના એકમાત્ર હિલ સ્ટેશન માઉન્ટ આબુમાં હાલ હાડ થિજવતી ઠંડી પડી રહી છે. તાપમાનનો પારો સતત ગગડતા સહેલાણીઓ કોહરા સાથે કડકડતી ઠંડીનો આનંદ લઈ રહ્યા છે. નવા વર્ષની શરૂઆતથી જ સતત માઉન્ટ આબુમાં હવામાનમાં ફેરફાર આવ્યો છે. લધુત્તમ તાપમાન શૂન્ય (૦) ડિગ્રીથી નીચે પહોંચી જતાં સવારમાં મેદાન, વાહનો અને રસ્તા પર બરફની આછેરી ચાદર પથરાઈ ગઈ છે.મહત્વનું છે કે ગુજરાતમાંથી મોટી સંખ્યા પર્યટકો માઉન્ટ આબુમાં હરવા-ફરવા જાય છે ત્યારે ખુશનુમા વાતાવરણ થતાં પ્રવાસની મજા બમણી થઈ ગઈ છે. માઉન્ટ આબુમાં માઈનસ ૩ ડિગ્રી જેટલું સવારનું તાપ માન નોંધાયું છે જેના કારણે મેદાનો અને વાહનો પર બરફના થર જામી ગયા છે. પક્ષીઓ માટે ઘરની બહાર રાખેલા પાણીના કુંડા પણ જામી ગયા છે. સનસેટ પોઈન્ટ, હનીમૂન પોઈન્ટ, શૂટિંગ પોઈન્ટ પર પર પ્રવાસીઓનો ધસારો જોવા મળ્યો. કુદરતી વાતાવરણ ખિલતા લોકો નક્કી લેકમાં બોટિંગનો આનંદ માણી રહ્યા છે. બરફનો નજારો જોતાં જ લોકો શિમલા જેવા વાતાવરણનો અનુભવ રહ્યા છે. આ ઉપરાંત અરવલ્લી પર્વતમાળાના સૌથી ઊંચા ગુરુ શિખર, અચલગઢ, કુંભારવાડા સહિત અનેક વિસ્તારોમાં ઠંડીનો ચમકારો જોવા મળ્યો છે. ગાઢ ધુમ્મસના કારણે વાહનોની અવર જવરમાં પરેશાની ઊભી થઈ છે.

### મેળો ૧૫ ફેબ્રુઆરી, મહાશિવરાત્રી સુધી ચાલુ રહેશે

# પ્રયાગરાજ માઘ મેળામાં મહાકુંભ જેવી વ્યવસ્થાઓ પહેલા દિવસે ૬.૫ લાખ શ્રદ્ધાળુઓએ કર્યા સંગમ

**અત્યાર સુધીમાં ઘણા પ્રમુખ સંત મહાત્મા સ્નાન કરી ચૂક્યા । કિન્નર અખાડાના મહામંડલેશ્વર કલ્યાણી નંદ ગિરી પોતાના અનુયાયીઓ સાથે મેળા વિસ્તારમાં સ્નાન કરવા માટે પહોંચ્યા**

। એજન્સી, પ્રયાગરાજ, તા.૪ ।

સ્નાનપોષ પૂર્ણિમાના શુભ અવસર પર પ્રયાગરાજમાં માઘ મેળો શરૂ થઈ ગયો છે. પ્રથમ સ્નાનથી શરૂ થયેલો આ મેળો ૧૫ ફેબ્રુઆરી, મહાશિવરાત્રી સુધી ચાલુ રહેશે. વિવિધ માર્ગોથી શ્રદ્ધાળુઓ ત્રિવેણી નદીમાં સ્નાન કરવા માટે પહોંચ્યા છે. સવારે ૮:૦૦ વાગ્યા સુધીમાં જ ૬.૫ લાખ લોકોએ ગંગા સ્નાન કરી લીધું છે. અત્યાર સુધીમાં ઘણા પ્રમુખ સંત મહાત્મા સ્નાન કરી ચૂક્યા છે. કિન્નર અખાડાના મહામંડલેશ્વર કલ્યાણી નંદ ગિરી પોતાના અનુયાયીઓ સાથે મેળા વિસ્તારમાં સ્નાન કરવા માટે પહોંચ્યા છે.



શુક્રવારે જ લાખો કલ્પવાસીઓ અને સંન્યાસીઓ સંગમ કિનારે પહોંચી ગયા હતા. વહીવટી અધિકારીઓએ અનુમાન લગાવ્યું છે કે, શુક્રવાર સાંજ સુધીમાં ૧૨ થી ૧૫ લાખ શ્રદ્ધાળુઓ અને કલ્પવાસીઓ મેળા વિસ્તારમાં પહોંચી ગયા હતા. કલ્પવાસીઓ સંગમની રેતી પર એક મહિનાની કઠોર તપસ્યા કરશે, જ્યારે સાધુઓ અને સંતો પોતાના શિબિરોમાં પ્રવચન અને સાધનામાં લીન રહેશે. આ દરમિયાન સંતોના શિબિરોમાં કથા અને ભજન સહિત ઘણી પ્રવૃત્તિઓ પણ થશે.પ્રથમ વખત માઘ મેળાનો લોગો જારી કરવામાં આવ્યો છે. બીજી તરફ શ્રદ્ધાળુઓની સુવિધા માટે વહીવટીતંત્રએ ખાનગી કંપનીઓ સાથે વાત કરીને સેવા પણ શરૂ કરી છે, જેનાથી શ્રદ્ધાળુઓ સંગમની નજીક સુધી જઈ શકે. આ સાથે જ પ્રથમ વખત વીજળીના થાંભલાઓ પર ક્યુઆર કોડ લગાવવામાં આવ્યા છે, જેનાથી લોકો પોતાની ફરિયાદો નોંધાવી શકશે, એવો દાવો કરવામાં આવ્યો છે કે તેમને મિનિટોમાં જ મદદ મળી જશે.

ડિવિઝનલ કમિશનર સૌમ્યા અગ્રવાલના જણાવ્યા પ્રમાણે આ વર્ષે હેલિકોપ્ટર સેવા અને પેરાગ્લાઈડિંગ સેવા શરૂ કરવામાં આવશે. બીજી તરફ પર્યટનને પ્રોત્સાહન આપવા માટે ચર્ચિત કલાકારોને આમંત્રિત કરવામાં આવ્યા છે. સુરક્ષા માટે મેળા વિસ્તારમાં પોલીસ સ્ટેશન, ચોકી, વોટર પોલીસ સ્ટેશન, કંટ્રોલ રૂમ અને વોચ ટાવર સ્થાપિત કરવામાં આવ્યા છે. એઆઈ-આધારિત સીસીટીવી કેમેરા જ્વારા દેખરેખ રાખવામાં આવી રહી છે.

પોલીસ કમિશનર જોગેન્દ્ર કુમારે જણાવ્યું કે, મેળા વિસ્તારથી લઈને પ્રયાગરાજ કમિશનરેટ સુધી ટ્રાફિક સુગમ રહે તે માટે વ્યવસ્થા કરવામાં આવી છે. મેળા વિસ્તારમાં ૧૦ ચક્રની સુરક્ષા વ્યવસ્થા લાગુ કરવામાં આવી છે. તે મુજબ જ ટ્રાફિકનું સંચાલન કરવામાં આવશે. તેના માટે દરેક જગ્યાએ ટીમો તહેનાત કરવામાં આવી છે.

## આર્મી કેમ્પમાં અચાનક લાગી ભીષણ આગ, ૧૦૦થી વધુ જવાનો હાજર

। એજન્સી, ચમોલી, તા.૪ ।

ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં આવેલા જોશીમઠ-ઔલી રોડ પર સ્થિત ભારતીય સેનાના કેમ્પમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતા અફરાતફરી મચી ગઈ હતી. આ આગ કેમ્પની અંદર આવેલા એક સ્ટોર રૂમમાં લાગી હતી, જેમાં રાખવામાં આવેલો માલ-સામાન બળીને ખાખ થઈ ગયો હોવાના અહેવાલ છે.ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડની અનેક ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. જોકે, વિસ્તારમાં ફૂંકાતા તેજ પવનના કારણે આગ ઝડપથી પ્રસરી હતી અને જોતજોતામાં તેણે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આસપાસના વિસ્તારમાં આકાશમાં કાળા ધુમાડાના ગોટા અને ઊંચી જ્વાળાઓ સ્પષ્ટપણે જોઈ શકાતી હતી.સેનાના જવાનો અને ફાયર વિભાગની ટીમ દ્વારા સંયુક્ત રીતે આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. સદનસીબે હજુ સુધી કોઈ જાનહાનિના સમાચાર પ્રાપ્ત થયા નથી, પરંતુ સેનાની મિલકતને મોટું નુકસાન થયું હોવાની આશંકા છે. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. લશ્કરી અધિકારીઓ દ્વારા આ મામલે તપાસના આદેશ આપવામાં આવ્યા છે.ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં આવેલા જોશીમઠ-ઔલી રોડ પર સ્થિત ભારતીય સેનાના કેમ્પમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતા અફરાતફરી મચી ગઈ હતી.

## કર્ણાટકમાં બેનર મુદ્દે વિવાદ, બે ધારાસભ્યોના સમર્થકો વચ્ચે લોહિયાળ અથડામણ

। એજન્સી, બેલ્લારી, તા.૪ ।

કર્ણાટકના બેલ્લારી જિલ્લામાં શુક્રવારે વાલ્મિકી સમાજની પ્રતિમાના અનાવરણ કાર્યક્રમ પહેલા બેનર લગાવવા જેવી સામાન્ય બાબતે થયેલી હિંસક અથડામણમાં એક વ્યક્તિનું મોત થયું છે. આ ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં તણાવ ફેલાઈ ગયો છે અને પોલીસે સાવચેતીના ભાગરૂપે મોટા મેળાવડા પર પ્રતિબંધ લગાવી દીધો છે.સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, આ વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે કોંગ્રેસના કાર્યકરો સ્થાનિક ધારાસભ્ય ભારત રેડ્ડીના સમર્થનમાં બેનર લગાવવા પહોંચ્યા હતા. આરોપ છે કે આ બેનરો કલ્યાણ રાજ્ય પ્રગતિ પક્ષના ધારાસભ્ય જનાર્દન રેડ્ડીના ઘરની સામે લગાવવામાં આવી રહ્યા હતા, જેનો જનાર્દન રેડ્ડીના સમર્થકોએ વિરોધ કર્યો. જોતજોતામાં બંને પક્ષો વચ્ચેની સામાન્ય બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધું અને પથ્થરમારો શરૂ થઈ ગયો.ઘટના દરમિયાન ગોળી ચાલવાનો અવાજ પણ સંભળાયો હતો. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારત રેડ્ડીના નજીકના સહયોગી સતીશ રેડ્ડી ઘટનાસ્થળે પહોંચ્યા હતા, જેમની સાથે હાજર એક સુરક્ષાકર્મીએ કથિત રીતે હવામાં બે રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. આ અફરાતફરી વચ્ચે રાજશેખર નામના એક વ્યક્તિનું મોત થયું, જે કોંગ્રેસના સમર્થક હોવાનું કહેવાય છે.

### ૧૦૦ મીટરની વ્યાખ્યામાં અનેક પહાડીઓ આવી જશે

# અરવલ્લીનો ૩૧% હિસ્સો જોખમમાં । ભૂગર્ભ જળ સંગ્રહ અટકી જશે : કેન્દ્રના દાવાને નકારતી સ્ટડી

**રાજસ્થાનમાં રણ પ્રદેશમાં વધારો થશે, જયપુર, દિલ્હી, ગુરુગ્રામ સહિતના વિસ્તારોમાં પાણીની અછત સર્જાશે । ક્લાઇમેટ વૈજ્ઞાનિક અને પર્યાવરણ એક્ટિવિસ્ટ ડો. સુધાંશુએ કહ્યું હતું કે પોલિસી ગેપને ગંભીર રીતે ઉજાગર કરે તેવું આ સંશોધન**

। એજન્સી, નવી દિલ્હી, તા.૪ ।

કેન્દ્ર સરકારનો દાવો છે કે અરવલ્લી પર્વતમાળાની નવી વ્યાખ્યા એટલે કે ૧૦૦ મીટરની લિમિટને કારણે માત્ર ૦.૧૯ ટકા હિસ્સો જ ખનન માટે લાયક છે. જોકે કેન્દ્રના આ દાવાને ફગાવતી એક સ્ટડી સામે આવી છે. જેમાં દાવો કરવામાં આવ્યો છે કે અરવલ્લીનો ત્રીજો હિસ્સો એટલે કે લગભગ ૩૩ ટકા ભાગ અત્યંત જોખમભરી સ્થિતિમાં છે. સેટેલાઇટના ડેટાના ઉપયોગથી તૈયાર કરાયેલા આ સ્વતંત્ર સંશોધનમાં જણાવવામાં આવ્યું છે કે અરવલ્લીનો ૩૧.૮ ટકા હિસ્સો એવો છે કે જે ૧૦૦ મીટરની કેન્દ્રની વ્યાખ્યા હેઠળ આવે છે. એનો અર્થ એમ થયો કે ૩૧ ટકા હિસ્સો ખનન માટે પસંદ કરવામાં આવી શકે છે જેને કારણે અરવલ્લી પર મોટું જોખમ છે. ક્લાઈમેટ વૈજ્ઞાનિક અને પર્યાવરણ એક્ટિવિસ્ટ ડો. સુધાંશુએ કહ્યું હતું કે પોલિસી ગેપને ગંભીર રીતે ઉજાગર કરે તેવું આ સંશોધન છે. નીચી પહાડીઓ છે તેને વેસ્ટ લેન્ડ તરીકે ખોટી રીતે દર્શાવવામાં આવી રહી છે. ખરેખર તો આ નાની પહાડીઓ જ ભુગર્ભ જળ સંગ્રહ માટે અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે.



હરિયાણા, રાજસ્થાન, દિલ્હીના લાખો લોકો પર પર્યાવરણ અને જળનું જોખમ વધી શકે છે. જો અરવલ્લી વિસ્તારમાં ખોદકામની છૂટ આપવામાં આવી અને ખનન થવા લાગ્યું તો રાજસ્થાનનું રણ છે તે વધવા લાગશે. થાર પ્રાંતનું પ્રમાણ વધશે.

એટલુ જ નહીં જયપુર, ગુરુગ્રામ, અને દિલ્હીના નાગરિકોને જે પીવાનું પાણી મળી રહ્યું છે તે છીનવાઈ જશે કેમ કે આ પહાડીઓ ભુગર્ભમાં જળ સંગ્રહ તરીકેનું કામ કરે છે. હાલમાં ચિત્તોડગઢ, નાગૌર, બુદી, સવાઇ માધોપુર જેવા વિસ્તારોમાં માઈનિંગ થઈ રહ્યું છે જેને તાત્કાલીક અટકાવવાની જરૂર છે કેમ કે આ વિસ્તાર પણ અરવલ્લી પર્વતમાળા હેઠળ આવે છે. કેન્દ્ર સરકારનો દાવો છે કે અરવલ્લી પર્વતમાળાની નવી વ્યાખ્યા એટલે કે ૧૦૦ મીટરની લિમિટને કારણે માત્ર ૦.૧૯ ટકા હિસ્સો જ ખનન માટે લાયક છે. જોકે કેન્દ્રના આ દાવાને ફગાવતી એક સ્ટડી સામે આવી છે. જેમાં દાવો કરવામાં આવ્યો છે કે અરવલ્લીનો ત્રીજો હિસ્સો એટલે કે લગભગ ૩૩ ટકા ભાગ અત્યંત જોખમભરી સ્થિતિમાં છે. સેટેલાઈટના ડેટાના ઉપયોગથી તૈયાર કરાયેલા આ સ્વતંત્ર સંશોધનમાં જણાવવામાં આવ્યું છે કે અરવલ્લીનો ૩૧.૮ ટકા હિસ્સો એવો છે કે જે ૧૦૦ મીટરની કેન્દ્રની વ્યાખ્યા હેઠળ આવે છે.

### ઉદ્ધવ જૂથની મહિલા નેતાએ લગાવ્યો ગડબડીનો આરોપ

## 'ચૂંટણી પંચે હવે ભાજપ કાર્યાલયમાં કામ કરવું જોઈએ',

। એજન્સી, પૂણે, તા.૪ ।

મહારાષ્ટ્રમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીને લઈને રાજ્યમાં રાજકીય ગરમાવો યથાવત છે. આ દરમિયાન નેતાઓ વચ્ચે શાબ્દિક તીર ચલાવવામાં આવી રહ્યા છે. તેવામાં ઉદ્ધવ જૂથની મહિલા નેતા પ્રિયંકા ચતુર્વેદીએ ચૂંટણીમાં ગડબડીનો આરોપ લગાવી ચૂંટણી પંચ પર નિશાન સાધ્યું છે.પ્રિયંકા ચતુર્વેદીનું કહેવું છે કે, 'મહારાષ્ટ્રમાં ચૂંટણીઓમાં ચોરી થઈ રહી છે. રાજ્ય ચૂંટણી પંચ આંધળું છે. મહારાષ્ટ્રમાં કોર્પોરેશનની ચૂંટણીઓમાં ખુલ્લેઆમ ગોટાળા થઈ રહ્યા છે. ચૂંટણી પંચને બંધ કરી દેવું જોઈએ. ચૂંટણી પંચે હવે ભાજપ કાર્યાલયમાંથી કામ કરવું જોઈએ.'તેમણે વધુમાં કહ્યું કે, મહારાષ્ટ્ર વિધાનસભા સ્પીકર રાહુલ નાર્વેકર કોર્પોરેશનની ચૂંટણીમાં ખુલ્લેઆમ ધમકી આપી રહ્યા હતી. આમ પ્રિયંકાએ ચૂંટણીપંચની નિષ્પક્ષતા પર સવાલ ઉઠાવ્યા છે.આ ઉપરાંત શિવસેના યુબીટીની એક મહિલાએ પણ ઈન્દોરમાં દૂષિત પાણીથી થયેલા મૃત્યુ અંગે મધ્યપ્રદેશ સરકારની ટીકા કરી હતી. તેમણે કહ્યું કે, ઈન્દોરની ઘટના દેશ માટે શરમજનક ઘટના છે.પ્રિયંકા ચતુર્વેદીએ કહ્યું કે, 'ઈન્દોરની ઘટનામાં શક્ય તેટલી કડક કાર્યવાહી થવી જોઈએ. મધ્યપ્રદેશમાં કફ સિરપથી પણ મૃત્યુ થયા હતા અને આ હકીકતને દબાવવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા.'મહારાષ્ટ્રમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીને લઈને રાજ્યમાં રાજકીય ગરમાવો યથાવત છે. આ દરમિયાન નેતાઓ વચ્ચે શાબ્દિક તીર ચલાવવામાં આવી રહ્યા છે. તેવામાં ઉદ્ધવ જૂથની મહિલા નેતા પ્રિયંકા ચતુર્વેદીએ ચૂંટણીમાં ગડબડીનો આરોપ લગાવી ચૂંટણી પંચ પર નિશાન સાધ્યું છે.પ્રિયંકા ચતુર્વેદીનું કહેવું છે કે, 'મહારાષ્ટ્રમાં ચૂંટણીઓમાં ચોરી થઈ રહી છે. રાજ્ય ચૂંટણી પંચ આંધળું છે. મહારાષ્ટ્રમાં કોર્પોરેશનની ચૂંટણીઓમાં ખુલ્લેઆમ ગોટાળા થઈ રહ્યા છે. ચૂંટણી પંચને બંધ કરી દેવું જોઈએ. ચૂંટણી પંચે હવે ભાજપ કાર્યાલયમાંથી કામ કરવું જોઈએ.'તેમણે વધુમાં કહ્યું કે, મહારાષ્ટ્ર વિધાનસભા સ્પીકર રાહુલ નાર્વેકર કોર્પોરેશનની ચૂંટણીમાં ખુલ્લેઆમ ધમકી આપી રહ્યા હતી.

## ન્યૂઝ બ્રિફ



### એક્સને તાત્કાલિક અશ્લિલ અને ગેરકાયદે સામગ્રી હટાવવાનો કેન્દ્રનો આદેશ

। એજન્સી, નવી દિલ્હી, તા.૪ ।

કેન્દ્ર સરકારના ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રાલયે ઈલોન મસ્કની માલિકીના એક્સ પ્લેટફોર્મ અને ગ્રોકને આકરી નોટિસ ફટકારી છે. કેન્દ્રની નોટિસમાં આ પ્લેટફોર્મને આદેશ આપવામાં આવ્યો છે કે તાકીદની અસરથી અશ્લિલ અને ગેરકાયદે સામગ્રી હટાવો, નહીંતર કાર્યવાહી માટે તૈયાર રહો. એક્સ પ્લેટફોર્મે આ નોટિસનો હજુ સુધી કોઈ સત્તાવાર જવાબ આપ્યો નથી. કેન્દ્ર સરકારે કહ્યું હતું કે ગ્રોકનો દુરુપયોગ કરીને ઘણાં યુઝર્સ અશ્લિલ સામગ્રી ક્રિએટ કરે છે અને કંપની એના પર અંકુશ લગાવતી નથી.કેન્દ્ર સરકારે એક્સને આદેશ આપ્યો છે એ પ્રમાણે તુરંત એક્શન લઈને ૭૨ કલાકમાં ડિટેઈલ્ડ અહેવાલ આપવાનો રહેશે. જો કંપની નિર્ધારિત સમયમાં કોઈ પગલાં નહીં ભરે તો ભારતના આઈટી એક્સના ઉલ્લંઘન બદલ આકરી કાર્યવાહી કરાશે. કેન્દ્ર સરકારે કહ્યું હતું કે કંપનીની કેટલીય સ્વતંત્રતા અને એઆઈ કન્ટેન્ડ જનરેટ કરવાની પૉલિસી સરકારના કાયદાની વિરૂદ્ધમાં છે. તેનાથી અશ્લિલ કન્ટેન્ટને ઉત્તેજન મળે છે, જે દેશના કાયદાથી વિપરીત છે.રાજ્યસભાના સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ કેન્દ્રીય આઈટી મિનિસ્ટર અશ્વિની વૈષ્ણવને પત્ર લખીને એઆઈ એપ ગ્રોકનો દુરુપયોગ થઈ રહ્યો છે અને મહિલાઓની તસવીરો સાથે છેડછાડ થઈ રહી છે તેથી પગલાં લેવાની જરૂરિયાત હોવાનું જણાવ્યું હતું. અગાઉ એઆઈની મદદથી અશ્લિલ અને વાંધાજનક સામગ્રી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ઠલવાતી હોવાની ચર્ચા સંસદગૃહમાં પણ થઈ ચૂકી છે. તે સંદર્ભમાં આ નોટિસ પાઠવી હોવાનું કેન્દ્ર સરકારે કહ્યું હતું.

### એઆઇથી નોકરી જતા ઇન્દોરમાં ઝવેરાતની દુકાનમાં લૂંટ ચલાવી

। એજન્સી, ઇન્દોર, તા.૪ ।

ઈન્દોરમા એક ઝવેરાતની દુકાન માંથી ચોરીની દિલચસ્પ ઘટના સામે આવી છે.આ દુકાનમાંથી ૧૬ લાખથી વધુ રકમના ઘરેણાની ચોરી કરવામાં આવી છે.આ ગુનામા પોલીસે ૧૮ વર્ષના ગ્રાફિક ડિઝાઈનર અને તેની મિત્રની ધરપકડ કરી છે.તેઓએ ફિલ્મ બન્ટી અને બબલી જોઈને આ ચોરીને અંજામ આપ્યો હતો.પોલીસે ચોરીના તમામ ઘરેણા જપ્ત કર્યા છે.રાઉ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૨૨ ડિસેમ્બરની રાત્રે એક દુકાનમાંથી સોના,ચાંદી અને હીરાના મળીને ૧૬.૧૭ લાખના ઘરેણાની ચોરી થઈ હતી. પોલીસે આ કેસમાં એક યુવક અને યુવતીની ધરપકડ કરી છે.ડીસીપી શ્રીકૃષ્ણ લાલચંદાનીએ કહ્યું કે બન્ને આરોપીની ઉંમર ૧૮ વર્ષ છે. છોકરો ગ્રાફિક ડિઝાઈનર છે અને છોકરી નીટની તૈયારી કરી રહી છે.તેઓ બાળપણથી એક બીજાને જાણે છે.ડીસીપીએ કહ્યું કે પૂછપરછ દરમિયાન છોકરાએ કહ્યું કે તે આઈટી કંપનીમા પાર્ટટાઈમ ગ્રાફિક ડિઝાઈનર હતો. કંપનીએ એઆઇ ટેકનોલોજી અપનાવતા તેની નોકરી ગઇ હતી. જેના પગલે આર્થિક ભીસમાં આવ્યો હતો. આરોપીઓએ જણાવ્યું હતું કે હિન્દી ફિલ્મ બંટી ઔર બબલી જોઇને ચોરીની યોજના બનાવી હતી.

## મેક્સિકોમાં ૬.૫ની તીવ્રતાનો ભૂકંપ, રાષ્ટ્રપ્રમુખે અધવચ્ચે જ પ્રેસ કોન્ફરન્સ અટકાવી, મોટી નુકસાનીની આશંકા

। એજન્સી, મેક્સિકો, તા.૪ ।

મેક્સિકોમાં શુક્રવારે (૨ જાન્યુઆરી) ભૂંકપના મોટા આંચકા અનુભવાયા હતા. રાષ્ટ્રીય ભૂકંપ વિજ્ઞાન સેવાના અનુસાર, મેક્સિકો સિટીમાં આવેલા ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૬.૫ નોંધાઈ છે.જણાવાય રહ્યું છે કે, જે સમયે ભૂકંપના આંચકા અનુભવાયા, ત્યારે મેક્સિકોના રાષ્ટ્રપ્રમુખ ક્લાઉડિયા શીનબામ પ્રેસ કોન્ફરન્સ કરી રહ્યા હતા. જોકે, તેમણે પ્રેસ કોન્ફરન્સ અધવચ્ચે જ રોકવી પડી હતી. રિપોર્ટ્સ અનુસાર, ૬.૫ તીવ્રતાવાળા આ ભૂકંપના કારણે મોટા નુકસાનની આશંકા વ્યક્ત કરાઈ રહી છે.

## પ્રિયંકા ગાંધીને કોંગ્રેસ સંગઠનમાં પહેલીવાર મળી મોટી જવાબદારી

। એજન્સી, નવી દિલ્હી, તા.૪ ।

કોંગ્રેસે પાંચ રાજ્યોમાં આગામી વિધાનસભા ચૂંટણી માટે સ્ક્રીનીંગ કમિટીની રચના કરી છે. જેમાં કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધીને આસામ સ્ક્રીનીંગ કમિટીના વડા તરીકે નિયુક્ત કરાયા છે. આ કોંગ્રેસ સંગઠનમાં પ્રિયંકા ગાંધીની પહેલી મોટી જવાબદારી છે. આ પહેલીવાર પ્રિયંકા ગાંધીને રાજ્ય સ્ક્રીનીંગ કમિટીની જવાબદારી સોંપવામાં આવી છે.સ્ક્રીનીંગ કમિટી ઉમેદવારોની યાદી તૈયાર કરે છે, જેને પછી પાર્ટીની કેન્દ્રીય ચૂંટણી સમિતિ દ્વારા અંતિમ સ્વરૂપ આપવામાં આવે છે. પ્રિયંકા ગાંધી ઉપરાંત, મધુસુદન મિસ્ત્રીને કેરળ સ્ક્રીનીંગ કમિટીના વડા બનાવાયા છે. આ સિવાય ટીએસ સિંહ દેવને તમિલનાડુ અને પુડુચેરી માટે સ્ક્રીનીંગ કમિટીના વડા તરીકે જવાબદારી સોંપાઈ છે.સ્ક્રીનીંગ કમિટી ઉમેદવારોની યાદી તૈયાર કરે છે, જેને પછી પાર્ટીની કેન્દ્રીય ચૂંટણી સમિતિ દ્વારા અંતિમ સ્વરૂપ આપવામાં આવે છે. પ્રિયંકા ગાંધી ઉપરાંત, મધુસુદન મિસ્ત્રીને કેરળ સ્ક્રીનીંગ કમિટીના વડા બનાવાયા છે. આ સિવાય ટીએસ સિંહ દેવને તમિલનાડુ અને પુડુચેરી માટે સ્ક્રીનીંગ કમિટીના વડા તરીકે જવાબદારી સોંપાઈ છે.મહત્વનું છે કે પ્રિયંકા ગાંધીને સંગઠનમાં મોટી જવાબદારી મળશે તેવી ચર્ચાઓ ઘણા સમયથી હતી. પ્રિયંકા કોઈ રાજ્યમાં જઈ સંગઠનના એક પદ પર કામ કરશે તેવી આ પહેલી તક છે. કોંગ્રેસ અત્યારથી જ પાંચ રાજ્યોમાં આવી રહેલી ચૂંટણીને લઈને એલર્ટ મોડમાં છે. કોંગ્રેસે પશ્ચિમ બંગાળ બી.કે. હરિપ્રસાદને જવાબદારી સોંપી છે.

**સુરક્ષાદળોનું મોટું ઓપરેશન** | **માત્ર સુકમા જિલ્લામાં જ પાંચ મહિલા સહિત ૧૨ નક્સલી માર્યા ગયા, બીજાપુરમાંથી બેના મૃતદેહ મળ્યા**

# ૧૪ નક્સલી ઠાર, હીડમાના સાથી એક કરોડના ઇનામી સહિત ૧૯નું સરેન્ડર

। એજન્સી, બીજાપુર, તા.૪ ।

છત્તીસગઢમાં સુરક્ષાદળો દ્વારા નક્સલીઓના સફાયા માટે મોટું અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જેને આ વર્ષે વધુ ઝડપી બનાવાઈ રહ્યું છે. નવા વર્ષ ૨૦૨૬માં પણ સુરક્ષાદળોને પ્રથમ મોટી સફળતા મળી છે. છત્તીસગઢમાં વધુ એક ઓપરેશનમાં ૧૪ નક્સલીઓ માર્યા ગયા છે. સૌથી વધુ નક્સલ પ્રભાવિત બીજાપુર અને સુકમા જિલ્લામાં આ એન્કાઉન્ટર કરવામાં આવ્યા હતા. જે ૧૪ નક્સલીઓ માર્યા ગયા છે તેમાં પાંચ મહિલાઓ સહિત ૧૨ નક્સલીઓ સુકમા જિલ્લામાં માર્યા ગયા હતા જ્યારે બે નક્સલીઓનો મૃતદેહ બીજાપુરના જંગલોમાંથી મળી આવ્યો છે. ગુપ્ત માહિતીના આધારે રાજ્ય પોલીસ દળ, ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ (ડીઆરજી) દ્વારા નક્સલવાદ વિરોધી ઓપરેશન ચલાવાયું હતું. ગયા વર્ષે ૨૦૨૫માં છત્તીસગઢમાં કુલ ૨૮૫ નક્સલીઓ ઠાર મારવામાં આવ્યા હતા. કેન્દ્ર સરકારે ૩૧મી માર્ચ ૨૦૨૬ સુધીમાં દેશને નક્સલવાદથી મૂક્ત કરવાની જાહેરાત કરી છે. આ ડેડલાઈન નજીક આવી રહી છે તેમ તેમ સુરક્ષાદળોનું ઓપરેશન ઝડપી બનાવાઈ રહ્યું છે. સુરક્ષાદળોની કામગીરીથી હાલ નક્સલીઓમાં પણ મોતનું ડર જોવા મળી રહ્યું છે. જેને પગલે સરેન્ડર કરવા લાગ્યા છે. તાજેતરમાં જ માર્યા ગયેલા નક્સલીઓના ટોચના નેતા માડવી હિડમાના ખાસ સાથી ગણાતા બરસા દેવાએ સરેન્ડર કરી દીધુ છે. તેલંગાણામાં સક્રિય બરસા દેવા પર પોલીસ પ્રશાસન દ્વારા એક કરોડ રૂપિયાથી વધુનુ ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું. બરસા દેવાએ એકલા નહીં પણ પોતાના ૧૯ જેટલા સાથીદારોની સાથે મળીને હથિયાર મુક્યા હતા અને મુખ્ય પ્રવાહમાં આવવા પ્રયાસ કર્યો છે. સરેન્ડર દરમિયાન ૪૮ એલએમજી અને ૨૦ લાખ રૂપિયા રોકડા મળી આવ્યા છે. બરસા દેવા છત્તીસગઢના સુકમા જિલ્લાના પુર્વતી ગામનો રહેવાસી છે. જેને બટાલિયન નંબર એકનો પ્રમુખ પણ બનાવાયો હતો.



છત્તીસગઢમાં સુરક્ષાદળો દ્વારા નક્સલીઓના સફાયા માટે મોટું અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જેને આ વર્ષે વધુ ઝડપી બનાવાઈ રહ્યું છે. નવા વર્ષ ૨૦૨૬માં પણ સુરક્ષાદળોને પ્રથમ મોટી સફળતા મળી છે. છત્તીસગઢમાં વધુ એક ઓપરેશનમાં ૧૪ નક્સલીઓ માર્યા ગયા છે. સૌથી વધુ નક્સલ પ્રભાવિત બીજાપુર અને સુકમા જિલ્લામાં આ એન્કાઉન્ટર કરવામાં આવ્યા હતા. જે ૧૪ નક્સલીઓ માર્યા ગયા છે તેમાં પાંચ મહિલાઓ સહિત ૧૨ નક્સલીઓ સુકમા જિલ્લામાં માર્યા ગયા હતા જ્યારે બે નક્સલીઓનો મૃતદેહ બીજાપુરના જંગલોમાંથી મળી આવ્યો છે.

# ઇરાનમાં વણથંભ્યા આંદોલનો : મૃત્યુઆંક વધીને ૧૦ થયો : તે વધવા સંભવ








દુબઈ (યુએઈ) : મોંઘવારી, બેકારી અને ઈસ્લામિક રીપબ્લિકની સરકાર દ્વારા કરાતી આડેધડ ધરપકડો સામે ફાટી નીકળેલો જ્વાળામુખી હજી શાંત નથી થયો મુલ્લાઓની જોહુકમી સામે વિદ્યાર્થીઓ, યુવાનો અને તેમની સાથે જન સામાન્ય પણ રણે ચઢ્યા છે. લોકો રસ્તાઓ ઉપર ધસી રહ્યા છે આથી પોલીસે ફરી એકવાર ગોળીબાર કરવાની ફરજ પડતા મૃત્યુઆંક વધીને ૧૦ પહોંચ્યો છે તેમ છતાં રમખાણો 'મંદ' થવાનું પણ નામ લેતા નથી આ સાથે એક તરફ મૃત્યુઆંક વધવા સંભવ છે તો બીજી તરફ તોફાનો પણ વધવા સંભવ છે. રમખાણો વણથંભ્યા ચાલુ રહેશે તેમ સ્પષ્ટ લાગે છે.અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને ખુલ્લી ધમકી આપતા કહ્યું છે કે, 'તહેરાન શાંતિમય દેખાવો કરનારાઓની પણ હત્યા કરી રહ્યું છે, અમેરિકા તેઓની સહાયે દોડશે જ.' જો કે, હજી તે સ્પષ્ટ નથી થયું કે ટ્રમ્પ ક્યારે અને કેવી રીતે ઈરાનની જનતાની સહાયે પહોંચશે સાથે તે પણ ઉલ્લેખનીય છે કે, ઈરાને મધ્ય- પૂર્વ એશિયામાં રહેલા અમેરિકન દળો ઉપર હુમલા કરવાની ઈરાનના ઈસ્લામિક રીપબ્લિકે ધમકીઓ ઉચ્ચારે રાખી છે.મોંઘવારી, બેકારી, ખાદ્યપદાર્થોની અછત ઉપરાંત આકાશને આંબી રહેલ દરેક ચીજોના ભાવો સામે યુવાનો, વિદ્યાર્થીઓ અને તેમની સાથે જનસામાન્ય પણ રીતસર રણે ચઢ્યા છે.ઉલ્લેખનીય છે કે, ઈરાનમાં મહિલાઓના અધિકારો અને બુરખા પ્રથા સામે પણ જબરજસ્ત આંદોલન ચલાવાય છે.

## સિદ્ધાંત ચતુર્વેદી અને અલિજેહ અગ્નિહોત્રી ફ્રાંન્સીસી ફિલ્મના રીમેકમાં



। એજન્સી, મુંબઇ, તા.૪ ।

સિદ્ધાંત ચતુર્વેદી અને અલીજેહ અગ્નિહોત્રી ફ્રાંસીસી ફિલ્મ લા ફેમિલ બેલિયરની હિંદી રીમેકમાં જોવા મળવાના છે. આ ફિલ્મનું દિગ્દર્શન વિકાસ બહેલનું છે. આ એક સંગીતમય ડ્રામા ફિલ્મ બનશે જેમાં પરિવાર, કિશોરાવસ્થાથી વયસ્તમાં પ્રવેશ જેવા વિષયો દર્શાવામાં આવે તેવી શક્યતા છે. ફિલ્મની વાર્તા એક ૧૬ વર્ષીય યુવતીની આસપાસ ફરે છે. જે પોતાના બધિર માતા-પિતા માટે દુભાષિયાનું કામ કરે છે. તેના સંગીત શિક્ષકને તેની સંગીતની પ્રતિભાની જાણ થાય છે ત્યારે તેને પોતાના શમણાં પુરા કરવા અને પરિવારનો સહારો બનવાની વચ્ચે પસંદગી કરવાનો સમય આવે છે. સૂત્રે જણાવ્યું હતું કે, આ એક સંગીતમય ફિલ્મ છે, જે સંજય લીલા ભણશાલીની ખામોશી શૈલીમાં બની છે. સિદ્ધાંત ચતુર્વેદી અને અલીજેહ અગ્નિહોત્રી ફ્રાંસીસી ફિલ્મ લા ફેમિલ બેલિયરની હિંદી રીમેકમાં જોવા મળવાના છે. આ ફિલ્મનું દિગ્દર્શન વિકાસ બહેલનું છે. આ એક સંગીતમય ડ્રામા ફિલ્મ બનશે જેમાં પરિવાર, કિશોરાવસ્થાથી વયસ્તમાં પ્રવેશ જેવા વિષયો દર્શાવામાં આવે તેવી શક્યતા છે. ફિલ્મની વાર્તા એક ૧૬ વર્ષીય યુવતીની આસપાસ ફરે છે. જે પોતાના બધિર માતા-પિતા માટે દુભાષિયાનું કામ કરે છે.

### કોલંબિયા સરકારની ચિંતામાં વધારો થયો

## ટ્રમ્પની ધમકી બાદ કોલંબિયાના રાષ્ટ્રપ્રમુખ ટેન્શનમાં સરહદ પર હથિયારો સાથે સેના તહેનાત કરવામાં આવી

**કોલિબંયન સરકાર અને સુરક્ષા નિષ્ણાંતોએ ચેતવણી આપી છે કે, માદુરોની ધરપકડના કારણે દેશના અસ્થિરતા સર્જાઈ શકે છે, સરહદ પર તસ્કરી વધી શકે**

। એજન્સી, બગોતા, તા.૪ ।

અમેરિકાએ વેનેઝુએલામાં ઘૂસીને સૈન્ય કાર્યવાહી કરીને રાષ્ટ્રપ્રમુખ નિકોલસ માદુરોની ધરપકડ કર્યા બાદ કોલંબિયા સરકારની ચિંતામાં વધારો થયો છે. કારણ કે ટ્રમ્પે માદુરોને કસ્ટડીમાં લીધા બાદ કોલંબિયાના રાષ્ટ્રપ્રમુખને જીવ બચાવવાની ધમકી આપી હતી. કોલિબંયન સરકાર અને સુરક્ષા નિષ્ણાંતોએ ચેતવણી આપી છે કે, માદુરોની ધરપકડના કારણે દેશના અસ્થિરતા સર્જાઈ શકે છે, સરહદ પર તસ્કરી વધી શકે છે, દેશમાં હિંસા વધશે તો અનેક શર્ણાર્થીઓ મોટાપ્રમાણમાં પલાયન થવા મજબૂર થશે, જેના કારણે કોલંબિયા પર દબાણ આવશે. કોલંબિયાએ અમેરિકા દ્વારા નિકોલસ માદુરોની ધરપકડનો કડક શબ્દોમાં વિરોધ કર્યો છે. અમેરિકાએ વેનેઝુએલામાં સૈન્ય ઠેકાણાઓને ટાર્ગેટ કરીને માદુરોને કસ્ટડીમાં લીધા છે. આ ઘટના બાદ કોલંબિયાએ તાત્કાલીક ઈમરજન્સી બેઠક બોલાવી છે અને વેનેઝુએલાને અડીને આવેલી ૨૨૧૯ કિલોમીટર લાંબી સરહદને મજબૂત કરવાનો નિર્ણય લીધો છે. આ સરહદ પહેલેથી જ બળવાખોર પ્રવૃત્તિઓ અને કોકેઈન ઉત્પાદન મામલે સંવેદનશીલ માનવામાં આવે છે.



કોલંબિયાના રાષ્ટ્રપ્રમુખ ગુસ્તાવો પેટ્રોએ કહ્યું કે, અમારી સરકારે વહેલી સવારે ૩.૦૦ કલાકે ઈમરજન્સી બેઠક બોલાવી છે. ગુસ્તાવોએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું છે કે, 'અમેરિકાએ વેનેઝુએલા અને આખા લેટિન અમેરિકા પર હુમલો કર્યો છે, તેની કોલંબિયન સરકાર નિંદા કરે છે. અમે અમારી સરહદની સુરક્ષા સુનિશ્ચિ કરવા માટે તમામ રાજ્યોના દળોને તહેનાત કરી રહ્યા છીએ.

અમેરિકાની કાર્યવાહી બાદ કોલંબિયાએ પોતાની સેનાઓને એલર્ટ કરી દીધી છે. સરહદ પાર કુકુતા વિસ્તારમાં સૈનિકો અને બખ્તરબંધ વાહનો તહેનાત કરી દીધા છે. રાષ્ટ્રપ્રમુખ પેટ્રોએ ચેતવણી આપી છે કે, વેનેઝુએલામાં વધીત હિંસાના કારણે અનેક શર્ણાર્થીઓ મોટા પ્રમાણમાં ત્યાંથી પલાયન થઈ શકે છે, જેના કારણે તેની અસર કોલંબિયા પર પડી શકે છે. અમેરિકાએ વેનેઝુએલામાં ઘૂસીને સૈન્ય કાર્યવાહી કરીને રાષ્ટ્રપ્રમુખ નિકોલસ માદુરોની ધરપકડ કર્યા બાદ કોલંબિયા સરકારની ચિંતામાં વધારો થયો છે. કારણ કે ટ્રમ્પે માદુરોને કસ્ટડીમાં લીધા બાદ કોલંબિયાના રાષ્ટ્રપ્રમુખને જીવ બચાવવાની ધમકી આપી હતી. કોલિબંયન સરકાર અને સુરક્ષા નિષ્ણાંતોએ ચેતવણી આપી છે કે, માદુરોની ધરપકડના કારણે દેશના અસ્થિરતા સર્જાઈ શકે છે.

### પ્રમુખ ટ્રમ્પના ૩૯ દેશોના નાગરિકોના પ્રવેશ પર આંશિક નિયંત્રણો

## સાત દેશોના નાગરિકોના અમેરિકામાં પ્રવેશ પર ટ્રમ્પનો પ્રતિબંધ અમલમાં

**અમેરિકામાં લોટરી સિસ્ટમ ખતમ તેના બદલે હવે સ્કિલ અને પગારના આધારે એચ૧-બી વિઝા અપાશે**

। એજન્સી, વોશિંગ્ટન, તા. ૪ ।

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સાત દેશોના નાગરિકોના અમેરિકા પ્રવેશ પર પ્રતિબંધ મૂકતા એક્ઝિક્યુટિવ ઓર્ડર પર આ વર્ષની શરૂઆતમાં હસ્તાક્ષર કર્યા હતા. આ પ્રતિબંધોનો અમલ ગુરુવારથી શરૂ થયો છે. આ સાથે પ્રમુખ ટ્રમ્પે એચ-૧બી વિઝાના નિયમોમાં ફેરફાર કરતા લોટરી સિસ્ટમ રદ કરીને તેના બદલે 'વેઈટેડ સિલેક્શન સિસ્ટમ' લાગુ કરવાનો નિર્ણય કર્યો છે.અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બુર્કિના ફાસો, લાઓસ, માલી, નાઈજર, સિએરા લિઓન, સાઉથ સુદાન અને સીરિયા જેવા સાત દેશોના નાગરિકોના અમેરિકામાં પ્રવેશ પર પ્રતિબંધ મૂકતા એક્ઝિક્યુટિવ ઓર્ડર પર આ વર્ષની શરૂઆતમાં હસ્તાક્ષર કર્યા હતા. આ પ્રતિબંધોનો અમલ ૧ જાન્યુઆરીને ગુરુવારથી થવાનો હતો.અમેરિકામાં કોંગ્રેસનલ બજેટ ઓફિસ (સીબીઓ)ના ૨૯ ડિસેમ્બરના દસ્તાવેજો મુજબ પ્રમુખ ટ્રમ્પે મૂકેલા પ્રતિબંધો સાત દેશોના વસાહતીઓ અને બીનવસાહતીઓ બંને પર લાગુ પડશે. વ્હાઈટ હાઉસે કહ્યું કે, રાષ્ટ્રીય સુરક્ષા અને જાહેર સલામતીના કારણોસર આ નિયંત્રણો મૂકવામાં આવ્યા છે જ્યારે ઈમિગ્રન્ટ્સની તરફેણ કરનારાઓનું કહેવું છે કે ટ્રમ્પે મૂકેલા પ્રતિબંધો મુખ્યત્વે આફ્રિકન અને મુસ્લિમ દેશોને નિશાન બનાવે છે.આ સિવાય ટ્રમ્પે અફઘાનિસ્તાન, બર્મા, ચાડ, રિપબ્લિક ઓફ કોન્ગો, ઈક્વેટોરિયલ ગિની, એરિટ્રેઆ, હૈતિ, ઈરાન, લિબીયા, સોમાલિયા, સુદાન, યેમેનના નાગરિકોના અમેરિકામાં પ્રવેશ પર મૂકેલા પ્રતિબંધો ચાલુ જ છે. આ ઉપરાંત ટ્રમ્પે વેનેઝુએલા અને ક્યુબાના નાગરિકોના અમેરિકામાં પ્રવાસ પર આંશિક પ્રતિબંધો મૂકેલા છે.આ પ્રતિબંધો એવા સમયે અમલમાં આવ્યા છે જ્યારે ટ્રમ્પે આ સપ્તાહની શરૂઆતમાં એચ૧-બી વિઝાના નિયમોમાં ફેરફાર કર્યા છે. ટ્રમ્પે આ સપ્તાહની શરૂઆતમાં એચ૧-બી વિઝામાં જૂની લોટરી સિસ્ટમ હટાવીને 'વેઈટેડ સિલેક્શન સિસ્ટમ' લાગુ કરવાનો નિર્ણય લીધો હતો. નવી સિસ્ટમમાં રેન્ડમ લોટરીની જગ્યાએ સેલરી અને સ્કિલના આધારે એચ૧-બી વિઝા માટેની ઉમેદવારી નિશ્ચિત થશે. આ પ્રતિબંધોનો અમલ ૧ જાન્યુઆરીને ગુરુવારથી થવાનો હતો.

## રણવીરની પ્રલયમાં આલિયા ભટ્ટને રોલ ઓફર કરાયો



। એજન્સી, મુંબઈ, તા.૪ ।

રણવીરસિંહની આગામી ફિલ્મ 'પ્રલય'માં આલિયા ભટ્ટને ફીમેલ લીડનો રોલ ઓફર કરાયો હોવાનું કહેવાય છે. દિગ્દર્શક જય મહેતાના જણાવ્યા અનુસાર આ ફિલ્મમાં નાયકને શરણે થતી નહિ પરંતુ તેની સમકક્ષ મજબૂત સ્ત્રી તરીકેના રોલમાં આલિયા તેમને પરફેક્ટ લાગે છે. જોકે, આલિયાએ આ ફિલ્મ સાઈન કરી છે કે કેમ તે હજુ સ્પષ્ટ નથી. આલિયા આ રોલ સ્વીકારશે તો 'રોકી ઔર રાની કી પ્રેમ કહાની' પછી બીજીવાર તેઓ કોલબરેશન કરશે. 'પ્રલય' ફિલ્મમાં મુંબઈમાં તબાહીના દ્રશ્યો દર્શાવાશે. કેટલીક હોલિવુડ ફિલ્મો પરથી તેની પ્રેરણા લેવાઈ છે. રણવીર સિંહે હાલમાં જ 'ડોન થ્રી' ફિલ્મ છોડી દીધી છે અને તેણે હવે 'પ્રલય'નાં શૂટિંગ માટે જ તમામ તારીખો ફાળવવાનું નક્કી કર્યુ હોવાનું કહેવાય છે. રણવીરસિંહની આગામી ફિલ્મ 'પ્રલય'માં આલિયા ભટ્ટને ફીમેલ લીડનો રોલ ઓફર કરાયો હોવાનું કહેવાય છે. દિગ્દર્શક જય મહેતાના જણાવ્યા અનુસાર આ ફિલ્મમાં નાયકને શરણે થતી નહિ પરંતુ તેની સમકક્ષ મજબૂત સ્ત્રી તરીકેના રોલમાં આલિયા તેમને પરફેક્ટ લાગે છે. જોકે, આલિયાએ આ ફિલ્મ સાઈન કરી છે કે કેમ તે હજુ સ્પષ્ટ નથી. આલિયા આ રોલ સ્વીકારશે તો 'રોકી ઔર રાની કી પ્રેમ કહાની' પછી બીજીવાર તેઓ કોલબરેશન કરશે. 'પ્રલય' ફિલ્મમાં મુંબઈમાં તબાહીના દ્રશ્યો દર્શાવાશે. કેટલીક હોલિવુડ ફિલ્મો પરથી તેની પ્રેરણા લેવાઈ છે.

## નેપાળમાં વધુ એક વિમાન દુર્ઘટનાગ્રસ્ત, રન-વેથી લપસી જતાં ૫૫ મુસાફરના જીવ તાળવે ચોંટ્યા

। એજન્સી, ઝાપા, ૪ ।

નેપાળના ઝાપા સ્થિત ભદ્રપુર એરપોર્ટ પર શુક્રવારે રાત્રે એક મોટી વિમાન દુર્ઘટના ટળી હતી. કાઠમંડુથી આવેલા બુદ્ધ એરની એક પેસેન્જર ફ્લાઈટ લેન્ડિંગ દરમિયાન રનવે પરથી લપસી ગઈ હતી અને રનવેથી આશરે ૨૦૦ મીટર દૂર ઘાસવાળા વિસ્તારમાં જઈને અટકી ગઈ હતી. સદનસીબે, વિમાનમાં સવાર તમામ ૫૧ મુસાફરો અને ૪ ક્રૂ મેમ્બર સુરક્ષિત છે.બુદ્ધ એરની ફ્લાઈટ નંબર ૯૦૧એ શુક્રવારે રાત્રે ૮:૨૩ કલાકે કાઠમંડુથી ભદ્રપુર(ઝાપા) જવા માટે ઉડાન ભરી હતી. આશરે ૪૫ મિનિટની મુસાફરી બાદ રાત્રે ૯:૦૮ કલાકે વિમાન જ્યારે ભદ્રપુર એરપોર્ટ પર લેન્ડિંગ કરી રહ્યું હતું, ત્યારે અચાનક સંતુલન ખોરવાતા તે રનવે પરથી ઉતરી ગયું હતું. આ વિમાનમાં ૫૧ પ્રવાસીઓ અને ૪ ક્રૂ મેમ્બર સહિત કુલ ૫૫ લોકો સવાર હતા. સદનસીબે પાયલટની સમયસૂચકતાને કારણે તમામ મુસાફરોનો આબાદ બચાવ થયો હતો અને મોટી દુર્ઘટના ટળી હતી.કેપ્ટન શૈલેષ લિમ્બુ દ્વારા સંચાલિત આ વિમાન લેન્ડિંગ વખતે સંતુલન ગુમાવતા રનવેની બહાર નીકળી ગયું હતું. વિમાન રનવેથી દૂર વહેતી નદી પાસે જઈને અટક્યું હતું, પરંતુ પાયલટની સૂઝબૂઝથી વિમાન નદીમાં ખાબકતા બચ્યું અને મોટી હોનારત ટળી હતી. ઝાપાના ઝર્ઢ શિવરામ ગેલાલે પુષ્ટિ કરી છે કે મુસાફરોમાં ગભરાટ ફેલાયો હતો, પરંતુ તમામ ૫૫ લોકો સુરક્ષિત છે

## અમેરિકાએ ઘરમાં ઘૂસી પ્રમુખ માદુરોનું 'અપહરણ' કર્યુ । વેનેઝુએલા પર હુમલો કરી 'ચમત્કારિક રીતે' ૩૦ જ મિનિટમાં ઓપરેશન પાર પાડ્યું

। એજન્સી, કારાકસ, તા.૪ ।

દુનિયામાં યુદ્ધો બંધ કરાવી શાંતિની વાતો કરતા અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે નવા વર્ષ ૨૦૨૬ની શરૂઆતમાં જ વેનેઝુએલાની રાજધાની કારાકાસ સહિત સાત શહેરો પર હવાઈ હુમલો કર્યો હતો. વધુમાં પ્રમુખ ટ્રમ્પે દાવો કર્યો કે, તેમની સ્પેશિયલ ડેલ્ટા ફોર્સ વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરો અને તેમનાં પત્ની સિલિઆ ફ્લોરેસને પકડીને દેશની બહાર અજ્ઞાત સ્થળે લઈ છે. કથિત રીતે 'ધરપકડ' કરાયેલા વેનેઝુએલાના પ્રમુખ માદુરોની તસવીર પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ છે. નિકોલસ માદુરો સામે ન્યૂયોર્કની કોર્ટમાં ગુનાઈત આરોપો હેઠળ કાર્યવાહી થશે તેમ અમેરિકન એટર્ની જનરલ પામ બોન્ડીએ કહ્યું હતું. બીજીબાજુ અમેરિકાના હવાઈ હુમલા પછી વેનેઝુએલાએ દેશમાં ઈમર્જન્સી જાહેર કરી છે.વેનેઝુએલા સાથે તણાવપૂર્ણ સ્થિતિ વચ્ચે અમેરિકન સૈન્ય દળોએ ૨ અને ૩ વચ્ચેની રાતે વેનેઝુએલાની રાજધાની કારાકાસ તથા , મિરાંડા, અરાગુઆ અને લા ગુએરા રાજ્યોના સાત શહેરોમાં અચાનક જ ભારે હવાઈ હુમલા કર્યા હતા. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશ પર અમેરિકન સૈન્યે ફુએર્તે તિઉના આર્મી બેઝ અને લા કાર્લોટા એરબેઝ જેવા મહત્વપૂર્ણ સ્થળોને નિશાન બનાવ્યા હતા. અમેરિકાએ આધુનિક એફ-૩૫ જેવા ફાઈટર જેટ, અપાચે અને ચિનૂક જેવા હેલિકોપ્ટર તથા મિસાઈલોથી સાત શહેરો પર હુમલો કર્યો હતો. આ હુમલો ૩૦ મિનિટથી પણ ઓછો સમય ચાલ્યો અને સાત વિસ્ફોટો થયા. જોકે, આ હુમલામાં જાનહાની અથવા મિલકતને નુકસાનના કોઈ અહેવાલ નથી. અમેરિકાનો આ હુમલો વેનેઝુએલામાં સત્તા પરિવર્તન માટે વસાહતી યુદ્ધ થોપવાના પ્રયાસો સમાન છે.

**અમેરિકાની કાર્યવાહીનો સંયુક્ત રાષ્ટ્રએ પણ વિરોધ**

**સંયુક્ત રાષ્ટ્રના સચિવ એન્ટોનિયો ગુટેરેસે અમેરિકાની કાર્યવાહી પર ચિંતા વ્યક્ત કરતાં કહ્યું છે કે આ ખતરનાક ઉદાહરણ પૂરું પાડશે**

## વેનેઝુએલા મુદ્દે યુએન પણ અમેરિકાથી નારાજ: કહ્યું- દુનિયા માટે ખતરનાક ઉદાહરણ ઊભું કર્યું

। એજન્સી, સંયુક્ત રાષ્ટ્ર, તા.૪ ।



વેનેઝુએલા પર અમેરિકાની કાર્યવાહીનો સંયુક્ત રાષ્ટ્રએ પણ વિરોધ કર્યો છે. સંયુક્ત રાષ્ટ્રના સચિવ એન્ટોનિયો ગુટેરેસે અમેરિકાની કાર્યવાહી પર ચિંતા વ્યક્ત કરતાં કહ્યું છે કે આ ખતરનાક ઉદાહરણ પૂરું પાડશે. મહાસચિવના પ્રવક્તા સ્ટેફાન દુજારિકે કહ્યું છે, કે આ સૈન્ય કાર્યવાહીથી ક્ષેત્રીય સ્તરે ગંભીર અને ચિંતાજનક અસરની આશંકા છે. આ પ્રકારના ઘટનાક્રમ એક ખતરનાક ઉદાહરણ ઊભું કરે છે. દુનિયાના તમામ દેશોએ આંતરરાષ્ટ્રીય કાયદા, સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટરનું સન્માન કરવું જોઈએ. અત્યંત ચિંતાની વાત છે કે આંતરરાષ્ટ્રીય કાયદાઓનો ભંગ કરવામાં આવ્યો. બીજી તરફ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં પણ તાત્કાલિક બેઠક બોલાવવામાં આવી છે. જેમાં સભ્ય દેશો સામેલ થશે. અમેરિકાની સેનાએ વેનેઝુએલાના સૈન્ય અડ્ડા પર ભીષણ હુમલો કર્યો. જે બાદ વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરો અને તેમની પત્ની સિલિયા ફ્લોરેસને કેદ કરી લેવાયા. અમેરિકાની સેના તેમને વિશેષ વિમાનમાં ન્યૂયોર્ક લઈ ગઈ. અમેરિકા સતત વેનેઝુએલા પર ડ્રગ્સની હેરાફેરી અને નાર્કો આતંકવાદનો આરોપ લગાવતું રહ્યું છે. બીજી તરફ વેનેઝુએલાનો આરોપ છે કે અમેરિકાની આ કાર્યવાહી માત્રને માત્ર ક્રૂડ ઓઈલના ખજાના પર કબજો કરવા માટે છે. અમેરિકાના પૂર્વ વાઈસ પ્રેસિડેન્ટ કમલા હેરિસે વેનેઝુએલા પર કરાયેલી કાર્યવાહી અંગે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની આકરી ટીકા કરી છે. તેમણે દાવો કર્યો છે કે આ ડ્રગ્સ કે લોકશાહી નહીં તેલ ( ક્રૂડ ઓઈલ )નો મામલો છે.અમેરિકાએ વેનેઝુએલા પર હુમલો કરી વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરો અને તેમની પત્નીને કેદ કર્યા છે. જેને લઈને દુનિયાના અનેક દેશો સવાલ ઉઠાવી રહ્યા છે. એવામાં કમલા હેરિસે કહ્યું છે, કે વેનેઝુલા પર ટ્રમ્પની કાર્યવાહીથી અમેરિકા ના તો અધિક સુરક્ષિત છે, ના મજબૂત બન્યું છે. માદુરો ક્રૂર અને ગેરકાયદે તાનાશાહ હતા, પણ આ કાર્યવાહી પણ ગેરકાયદે જ છે. સત્તા પરિવર્તન અને ઓઈલ માટે યુદ્ધ છેવટે તો અરાજકતામાં જ પરિણમશે. જેની કિંમત અમેરિકાના પરિવારોએ ચૂકવવી પડશે. કમલા હેરિસે વધુમાં કહ્યું, કે અમેરિકાની જનતા ટ્રમ્પના જુઠ્ઠાણાથી કંટાળી ગઈ છે. આ ડ્રગ્સ કે લોકશાહીનો મામલો નથી. આ ઓઈલ અને ટ્રમ્પની તાકાતવર નેતા બનવાની ઈચ્છાનો મામલો છે. તેમને ડ્રગ્સ કે લોકશાહીની જ ચિંતા હોત તો ક્યારેય ડ્રગ્સ પેડલર્સને માફ ન કર્યા હોત. ટ્રમ્પ અમેરિકાના સૈનિકોને ખતરામાં નાંખી રહ્યા છે અને અબજો ડોલર ખર્ચો કરી રહ્યા છે. ટ્રમ્પ સમગ્ર ક્ષેત્રને અસ્થિર કરી રહ્યા છે. આ કાર્યવાહીથી દેશને કોઈ લાભ નથી.

**ટોળાએ પેટ્રોલ છાંટી સળગાવ્યો** | **૨૦ દિવસમાં પાંચ હિન્દુઓની ક્રૂરતાપૂર્વક હત્યા છતાં ગુનેગારો સામે કોઇ નક્કર પગલાં નહીં, લઘુમતીઓ ભયમાં**

## બાંગ્લાદેશમાં હિન્દુઓ પર અસહ્ય ત્રાસ જીવતા સળગાવાયેલા હિન્દુનું મૃત્યુ

। એજન્સી, ઢાકા, તા.૪ ।

બાંગ્લાદેશમાં વધુ એક હિન્દુની ટોળા દ્વારા ઢોર માર મારીને હત્યા કરી દેવામાં આવી છે. ઢાકાથી માત્ર ૧૫૦ કિમી દૂર એક ગામમાં ફાર્મસીની દુકાન ચલાવતા ખોકન ચંદ્ર દાસ પર બુધવારે કટ્ટરવાદીઓ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. દુકાન બંધ કરીને તેઓ પરત જઈ રહ્યા હતા ત્યારે તેમને પકડીને જીવતા સળગાવવામાં આવ્યા હતા. જીવ બચાવવા તેઓ નજીકના તળાવમાં કુદી પડયા હતા. જે બાદ કેટલાક લોકોએ તેમને નજીકની હોસ્પિટલમાં દાખલ કર્યા હતા જ્યાં તેમણે શનિવારે જીવ ગુમાવ્યો હતો.



શરીયતપુરમાં ખોકન ચંદ્ર દાસ પોતાના ગામમાં દવાઓ અને મોબાઈલની દુકાન ચલાવતા હતા. તેઓ ઘણા સમયથી કટ્ટરવાદીઓના નિશાના પર હતા, બુધવારે દુકાન બંધ કરીને પરત ફરી રહ્યા હતા ત્યારે તેમને રસ્તામાં જ બાનમાં લેવામાં આવ્યા અને તેમના પર ધારદાર હથિયારો દ્વારા જીવલેણ હુમલો કરીને તેમના શરીરે પેટ્રોલ છાંટીને જીવતા જ સળગાવાયા હતા. તેઓ જીવ બચાવવા માટે સળગતી હાલતમાં જ તળાવમાં કુદી પડયા છતા બચી ના શક્યા. જ્યારે બાંગ્લાદેશના જ ગાઝીપુરમાં ટોંગીમાં ભીડે સુમન નામના શખ્સ પર હુમલો કરી દીધો હતો, ચોરીનો આરોપ લગાવીને ટોળાએ ઢોર માર માર્યો હતો. બાદમાં તેને થાંભલા સાથે બાંધીને વધુ મારપીટ કરાઈ.

હાલમાં સુમનને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરાયો છે. સુમન ભીક્ષા માગીને પોતાનું ગુજરાન ચલાવતો હતો. ખોકન ચંદ્ર દાસ અને સુમન એ હિન્દુઓમાં સામેલ છે કે જેમના પર તાજેતરમાં બરબરતાપૂર્વક હુમલો થયો છે.

આ પહેલા ૨૫ ડિસેમ્બરના રોજ અમૃત મંડલની ટોળાએ ઢોર માર મારીને હત્યા કરી હતી, જ્યારે ૧૮ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ દીપૂ ચંદ્રનું મોબ લિન્ચિંગ થયું હતું અને મૃતદેહને વૃક્ષ સાથે લટકાવીને સળગાવાયો હતો. જ્યારે ૨૯ ડિસેમ્બરના રોજ મેહરાબારી વિસ્તારમાં હિન્દુ બૃજેન્દ્ર બિસ્વાસની ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી હતી. અને હવે કોઈ જ દોષ વગર વધુ એક હિન્દુ ખોકન ચંદ્ર દાસને જીવતા સળગાવીને કટ્ટરવાદીઓએ મારી નાખ્યા હતા. બાંગ્લાદેશમાં શેખ હસીનાને સત્તામાંથી હટાવ્યા બાદ મોહમ્મદ યુનુસ દ્વારા સરકારની કમાન સંભાળવામાં આવી છે ત્યારથી કટ્ટરવાદ વકરી રહ્યો છે. મોહમ્મદ યુનુસે જાણે કટ્ટરવાદીઓને હિન્દુઓની હત્યા માટે ખુલી છૂટ આપી હોય તેમ દરરોજ હિન્દુઓ પર ખુલ્લેઆમ હુમલા થઈ રહ્યા છે.



































**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya